પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૯૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૧૨-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજભવન જઈને કેબિનેટ સાથે રાજ્યપાલને ઔપચારિક રાજીનામું આપ્યું



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોતાના પદ પરથી આજે રાજીનામુ આપ્યુ. ગુજરાત વિધાનસભાનો કાર્યકાળ પૂર્ણ થતા જૂની સરકારના મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપ્યું હતું હવે ફરી ભુપેન્દ્રભાઈ પટેલ શપથ ગ્રહણ કરીને મુખ્યમંત્રી પદ સંભાળશે.ભુપેન્દ્રભાઈ પટેલની સાથે તેમની કેબિનેટે પણ રાજીનામુ આપ્યુ છે. ગુજરાત વિધાનસભામાં જીત મેળવ્યા બાદ ભૂપેન્દ્ર પટેલ ૧૨ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના પ્રાંગણમાં બપોરે ૨ વાગ્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમિત શાહ સહિતના રાષ્ટ્રીય નેતૃત્વની હાજરીમાં શપથ લેશે.

આવતીકાલે શનિવારે બપોરે ૨ વાગ્યે ધારાસભ્ય દળની બેઠક મળશે. જેમાં ધારાસભ્ય દળ નેતાની પસંદગી કરશે. જેના માટે પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે રાજ્યપાલ પાસે બપોરે ૨ વાગ્યે મળવાનો સમય માંગ્યો છે. કમલમ ખાતે ધારાસભ્ય દળની બેઠકમાં નેતા તરીકે ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરાશે. હવે નવી સરકારની રચનાની કવાયતની તૈયારીઓ ચાલી રહી છે. ગુજરાત વિધાનસભા ચૂંટણીના ચોંકાવનારાં પરિણામો આવ્યાં છે, ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના ૨૦ મંત્રીમાંથી ૧૯ મંત્રી જીતી ગયા છે. મોટા ભાગનું મંત્રીમંડળ જીતી ગયું હોય એવું કદાચ પહેલીવાર બન્યું હશે. દેશભરમાં હિન્દુત્વની પ્રયોગશાળા અને ભાજપના એક મોડલ સ્ટેટ તરીકે ગુજરાતની ગણના થઈ રહી છે. ૧૪ માર્ચ ૧૯૯૫ના રોજ ગુજરાતમાં પહેલીવાર કેસરિયો લહેરાયો હતો અને ભાજપે સત્તા સંભાળી હતી. ૬ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ બાબરી ધ્વંસ બાદ ગુજરાતમાં હિન્દુત્વનું વાવાઝોડું ફરી વળ્યું અને ૧૯૯૫માં ૧૨૧ બેઠકની જંગી બહુમતી સાથે ભાજપે

### ૧૨ ડિસેમ્બરના રોજ ગુજરાત વિધાનસભાના પ્રાંગણમાં બપોરે ૨ વાગ્યે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અમિત શાહ સહિતના રાષ્ટ્રીય નેતૃત્વની હાજરીમાં શપથવિધિ થશે.

સત્તા હાંસલ કરી. ત્યારબાદ ૨૦૦૨માં ગોધરાકાંડ થયો અને ભાજપે ૧૨૭ સીટ સાથે ઐતિહાસિક જીત મેળવી. પરંતુ હવે વિકાસ હિન્દુત્વના કમાલના કોમ્બિનેશન સાથે કમળ ખીલ્યું છે. આ ભાજપના ચૂંટણી સૂત્ર 'આ ગુજરાત મેં બનાવ્યું છે'ની જેમ ગુજરાતીઓએ મતનો નાયગ્રા ધોધ વહાવી કહ્યું કે, 'આ કમલ મેં ખીલવ્યું' છે. ભાજપે ગુજરાતના ૬૦ વર્ષના ઈતિહાસના તમામ રેકોર્ડ બ્રેક કરી ૧૫૬ સીટ જીતી જ નહીં, પણ કેસરિયો મહાસાગર ઘુઘવી દીધો હતો. આમ આદમી પાર્ટીને ૫ સીટ તેમજ અન્યને ફાળે ૪ સીટ(૩ અપક્ષ અને ૧ સમાજવાદી પાર્ટી) આવી હતી. ભાજપને ૫૨.૫ ટકા, કોંગ્રેસ ૨૭.૩ ટકા અને આમ આદમી પાર્ટીનો ૧૨.૯ ટકા વોટશેર રહ્યો હતો. ઓગસ્ટ-૨૦૨૧માં ગુજરાતમાં વિજય રૂપાણીના રાજીનામા બાદ ભારતીય જનતા પાર્ટીમાં જોરદાર હલચલ જોવા મળી હતી. રાજ્યમાં નવા મુખ્યમંત્રીને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ હતી. કમલમમાં બેઠકોનો દૌર ચાલી રહ્યો હતો અને કયું નામ સામે આવે છે તેની રાહ જોવામાં આવી રહી હતી ત્યારે કેન્દ્રથી બે નેતા નરેન્દ્ર સિંહ તોમર અને તરુણ ચુગ નિરીક્ષક તરીકે ગુજરાતમાં આવ્યા હતા. કમલમમાં તમામ ધારાસભ્યોને બોલાવી લેવામાં આવ્યા. વિજય રૂપાણી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ પણ ઉપસ્થિત હતા અને નવા મુખ્યમંત્રી તરીકે કોણ આવશે એના પર સૌની મીટ મંડાયેલી હતી. કમલમમાં જે ઓડિટોરિયમમાં મીટિંગ હતી ત્યાં છેક પાછળ ભૂપેન્દ્ર પટેલ બેઠા હતા. તેમને સહેજ પણ ખ્યાલ નહોતો અને મુખ્યમંત્રી તરીકે તેમના નામની ઘોષણા કરવામાં આવશે. સવારે તેઓ બોપલમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગયા હતા અને સાંજે મુખ્યમંત્રી બની ગયા. પછી તો વિજય રૂપાણીના તમામ મંત્રીઓને ઘરે બેસાડી દેવામાં આવ્યા અને ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નવા ધારાસભ્યોને સ્થાન મળ્યું.

ગુજરાત વિધાનસભાનો ૫ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતા ૧૮૨ બેઠકો પર ૧ અને ૮ ડિસેમ્બરના રોજ બે તબક્કામાં ચૂંટણી યોજાઇ હતી. જેમા ભારતીય જનતા પાર્ટીની ૧૫૬ બેઠકો પર ઐતિહાસિક જીત થઈ હતી. આ જીત થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ફરી મુખ્યમંત્રી બનશે. ગુજરાતમાં ભાજપ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નરેન્દ્ર મોદીના નામે ચૂટણી લડવામાં આવી હતી અને પ્રચંડ જીત હાંસલ થઈ છે. રાજ્યના એવા ૧૬ જિલ્લાઓ છે જ્યાં કોંગ્રેસ હાલ શૂન્ય થઈ ગઈ છે. આ કોંગ્રેસ મુક્ત જિલ્લાઓ કચ્છ જિલ્લાની ૬ બેઠકો, ગાંધીનગરમાં ૫ બેઠકો, સુરેન્દ્રનગરમાં ૫ બેઠકો, મોરબીમાં ૩ બેઠકો, રાજકોટમાં૮ બેઠકો, દ્વારકામાં ૨ બેઠકો, અમરેલીમાં ૫ બેઠકો, ખેડામાં ૬ બેઠકો, પંચમહાલમાં ૫ બેઠકો, દાહોદમાં ૬ બેઠકો, છોટાઉદેપુરમાં ૩ બેઠકો, વડોદરામાં ૮ બેઠકો, ભરૂચમાં ૫ બેઠકો, સુરતમાં ૧૬ બેઠકો, તાપીમાં ૨ બેઠકો, વલસાડમાં ૫ બેઠકો ભાજપે જીતી લીધી છે. આ તમામ ૧૬ જિલ્લામાં કોંગ્રેસના ફાળે એક પણ બેઠક આવી નથી. અને, આ તમામ ૧૬ જિલ્લાઓ કોંગ્રેસમુક્ત બન્યા છે.

## નવું મંત્રીમંડળ : ૧૧ કેબિનેટ તથા ૧૪ રાજ્યકક્ષામંત્રીનો સમાવેશ થઈ શકે, શંકર ચૌધરી, રાદડિયા અને સંઘવી હશે

### હવે નવા મંત્રીમંડળમાં કોણ કોણ હશે અને એનું જ્ઞાતિ સમીકરણ શું હશે એ અંગે ચર્ચાઓ શરૂ થવા લાગી છે



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ચુંટણીના પરિણામ ૮ ડિસેમ્બરે જાહેર થઈ ગયાં છે, જેમાં ભાજપે ઐતિહાસિક જીત હાંસલ કરી ૧૫૬ સીટ જીતી લીધી છે. આ વિજય બાદ હવે ભાજપે નવી સરકાર રચવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. હવે નવા મંત્રીમંડળમાં કોણ કોણ હશે અને એનું જ્ઞાતિ સમીકરણ શું હશે એ અંગે ચર્ચાઓ શરૂ થવા લાગી છે. નવા મંત્રીમંડળમાં એકપણ સમાજને અન્યાય ના થાય એની તકેદારી રાખવામાં આવી રહી છે. ભાજપે અત્યારસુધીનો રેકોર્ડ તોડી પ્રચંડ બહુમતી મેળવી લીધી છે, પરંતુ હવે ભાજપ માટે આગામી લક્ષ્યાંક કોઈ હોય તો એ છે વર્ષ ૨૦૨૪માં આવનારી લોકસભા ચૂંટણી. વર્ષ ૨૦૧૯ની જેમ ફરીથી એક વખત ભાજપ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠક હાંસલ કરવાના ટાર્ગેટ સાથે આગળ વધી રહ્યો છે, ત્યારે માનવામાં આવી રહ્યું છે કે આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને જ ૧૧ કેબિનેટ અને ૧૪ રાજ્યકક્ષાના મળીને ૨૫ જેટલા સભ્યોનું નવું મંત્રીમંડળ રચવામાં આવશે.

ગુજરાતના તમામ ઝોન, જેવા કે ઉત્તર, મધ્ય, દક્ષિણ, સૌરાષ્ટ્ર અને કચ્છ એમ તમામ વિસ્તારમાંથી ભાજપ જ્ઞાતિ આધારિત સમીકરણો ધ્યાનમાં રાખીને મંત્રીઓની પંસદગી કરી શકે છે. જોકે હાલ માત્ર ચર્ચાનો દૌર એ છે કે ભાજપના વિજેતા ઉમેદવારો પૈકી મંત્રીપદ માટે સક્ષમ ચહેરો કોણ છે? કોણ છે કે મંત્રીપદની ગાદી શોભાવશે ? દિવ્ય ભાસ્કર પાસે વિજેતા ઉમેદવાર પૈકી મંત્રીપદ માટે જે લોકો પ્રબળ દાવેદાર છે એવાં કેટલાંક નામો સામે આવ્યાં છે. ગુજરાત રાજ્યની નવી સરકારના વિધાનસભા મંડળમાં કયા કયા ચહેરાનો મંત્રીમંડળમાં સમાવેશ કરવામાં આવી શકે છે એવાં કેટલાંક નામોની ચર્ચા ચાલી રહી છે.

ગુજરાતમાં અગાઉ ભાજપની સરકાર દરમિયાન મંત્રી પદ ભોગવી ચૂકેલા અનેક એવા નેતાઓ છે જેમને વર્ષ ૨૦૨૨ની ચૂંટણીમાં ટિકિટ આપવામાં આવી હતી અને તેમનો ભવ્ય વિજય પણ થયો છે. એવા તમામ ધારાસભ્યો કે જેઓ અગાઉ કેબિનેટ કક્ષાના મંત્રીની જવાબદારી નિભાવી ચુક્યા છે તદ્ઉપરાંત અનુભવી પણ છે તે પૈકીના અનેક લોકોનો કેબિનેટ કક્ષાના મંત્રી મંડળમાં સમાવેશ થઈ શકે છે. એમ નથી કે માત્ર પાટીદાર અને ઓબીસી સમાજ થકી જ સરકારના મંત્રીઓ નક્કી કરાશે. ભાજપ પોતાના આ પસંદગી સમીકરણમાં અન્ય સમાજના સમીકરણને પણ બરાબર ધ્યાને રાખશે. જ્ઞાતિ આધારે સમીકરણોની સમતુલા જાળવવા ભાજપ પૂરતો પ્રયાસ કરશે અને એક નવા મંત્રી મંડળની રચના કરશે.

સંભવિત કેબિનેટ મંત્રીઓમાં શંકર ચૌધરી,ઋષિકેશ પટેલ,પૂર્ણેશ મોદી, રાઘવજી પટેલ,કનુ દેસાઈ, કિરીટ સિંહ રાણા, શંભુનાથ ટુંડીયા, ગણપત વસાવા,જયશે રાદડીયા, કુંવરજી બાવળિયા,જીતુ વાઘાણી, શૈલેશ ભાભોર,બચુ ખાબડનો સમાવેશ થઈ શકે છે. જયારે સંભવિત રાજયમંત્રીઓમાં જગદીશ વિશ્વર્મા,અમિત ઠાકર,હર્ષ સંઘવી,અલ્પેશ ઠાકોર,મોહન ઢોડીયા,આર સી પટેલ,જેવી કાકડીયા,અક્ષય પટેલ રીવાબા જાડેજા,માલતી મહેશ્વરી અને દર્શના દેશમુખનો સમાવેશ થાય તેવી સંભાવના છે. વર્ષ ૨૦૨૨ની ચૂંટણીના પરિણામો આધારે વિધાનસભાના અધ્યક્ષના પ્રબળ દાવેદાર રમણભાઈ વોરા છે કેમ કે રમણલાલ વોરા અગાઉ પણ વિધાનસભા સ્પીકર તરીકે જવાબદારી નિભાવી ચૂક્યા છે તેમજ વિધાનસભા ગૃહ ચલાવવાની નીતિ-રીતિથી તેઓ સંપૂર્ણપણે વાકેફ છે એટલે આ જ કારણોસર ભાજપ રમણલાલ વોરાને એક વખત ફરીથી અધ્યક્ષ તરીકેની જવાબદારી સોપી શકે છે. વિધાનસભામાં અત્યાર સુધી શાસક પક્ષના મુખ્ય દંડક તરીકે નડિયાદ બેઠકના પંકજ દેસાઈ જવાબદારી નિભાવતા જોવા મળ્યા છે પરંતુ નવા રચાનારા મંત્રી મંડળ દરમિયાન શાસક પક્ષના મુખ્ય દંડક સહિત દંડક અને નાયબ દંડકની નિમણૂંક કરાઈ શકે છે. આ જવાબદારી અનુક્રમે જેઠા ભરવાડ અને ભરત પટેલને સોંપાય તેવી સંભાવના છે.સંત સવૈયાનાથ ઝાંઝરકા ધામના મહંત શંભુનાથ ટુંડિયા અગાઉ વર્ષ ૨૦૧૪થી વર્ષ ૨૦૨૦ દરમિયાન રાજયસભા સાંસદ રહી ચૂક્યા છે. આ ઉપરાંત અન્ય રાજયોમાં પણ તેમનો રાજકીય પ્રવાસ થવાને કારણે અન્ય વિસ્તારમાં રહેતા દલિત સમાજના લોકો સાથે પણ ગાઢ સંપર્ક ધરાવે છે. આ ઉપરાંત ઝાંઝરકા ધામના મોટી સંખ્યામાં ભક્તો દેશ-વિદેશમાં રહેતા હોવાને કારણે જો શંભુનાથ ટુંડિયાને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવામાં આવે તો આગામી લોકસભા ચૂંટણી દરમિયાન ભાજપને ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ ફાયદો થઈ શકે છે.

## શિંદે જૂથના પ્રધાનોની નારાજગી દૂર કરવા માટે મહામંડળનું વિસ્તરણ કરાશે

મુંબઈ,

રાજયમાં શિંદે-ફડણવીસ સરકારના પ્રધાનમંડળના વિસ્તરણને દિલ્હીથી હજી સુધી લીલી ઝંડી મળી નથી. આને કારણે શિયાળુ સત્ર પછી જ પ્રધાનમંડળનું વિસ્તરણ થાય એવી શક્યતા છે. ખરેખર તો પ્રધાનપદાને બાંધીને બેસેલી એકનાથ શિંદેની બાળાસાહેબની શિવસેના અને ભાજપ એમ બંને પક્ષોના ઉતાવળિયા વિધાનસભ્યોની અવસ્થા વધુ વિકટ થઈ ગઈ છે. આને કારણે આ વિધાનસભ્યો અને અન્ય નારાજ પ્રધાનો થોભી જાય એ માટે મહામંડળની નિમણૂક બાબતે હિલચાલને ગતિ આપવામાં આવી છે. જોકે પ્રધાનમંડળના વિસ્તરણની સાથે જ મહામંડળની નિયુક્તિનો નિર્ણય પણ અધિવેશન પછી જ લેવામાં આવે એવું ચર્ચાઇ રહ્યું છે. શિંદે જૂથના પ્રધાનોમાં નારાજગી ફેલાઈ હોવાને કારણે તેમનામાંના એકને મહામંડળનું અધ્યક્ષપદ સોંપવામાં આવે એવી શક્યતા છે.

મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિત ભાજપના પ્રદેશાધ્યક્ષ ચંદ્રકાંત બાવનકુળેની એક મહત્ત્વની બેઠક હાલમાં જ મુંબઈમાં થઈ હતી. આ બેઠકમાં મહામંડળની ફાળવણી અંગે ચર્ચા થઈ હોઈ નવી ફોર્મ્યુલા ઠરાવવામાં આવશે, એવી માહિતિ સૂત્રો પાસેથી જાણવા મળી હતી. આ બેઠકમાં શિંદે જૂથની સરખામણીમાં ભાજપને વધુ મહામંડળો આપવામાં આવવાની હોવાની માહિતી પણ જાહેર થાય એવી શક્યતા છે. આગામી શિયાળુ સત્ર બાદ આ નિયુક્તિ જાહેર થાય એવી શક્યતા હોવાથી નારાજ પ્રધાનને મહામંડળનું અધ્યક્ષપદ આપીને તેમની નારાજગી દૂર કરવાનો પ્રયાસ શિંદે સરકાર તરફથી કરવામાં આવી રહ્યો હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે.

આ બેઠકમાં રાજ્યનાં ૧૨૦ મહામંડળની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવે એવું પણ કહેવાઈ રહ્યું છે. બે તબક્કામાં મહામંડળના અધ્યક્ષની જાહેરાત કરવામાં આવશે, એવી માહિતી સૂત્રો પાસેથી જાણવા મળી હતી. આમાં પહેલા તબક્કામાં ૬૦ મહામંડળની જાહેરાત કરવામાં આવશે, જેમાં ભાજપના ૩૬ અને શિંદે જૂથના ફાળે ૨૪ મહામંડળ આવશે, એવી માહિતી પણ સામે આવી હતી.

## રાજ્યોના સીમાવિવાદના મામલે કેન્દ્ર મૂક પ્રેક્ષક ન બની શકે : શરદ પવાર

મુંબઈ,

મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે સરહદના ઉગ્ર બનેલા વિવાદના મામલે એનસીપીના પ્રમુખ શરદ પવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર મૂક પ્રેક્ષક ન બની શકે. શરદ પવારે એનસીપીની બેઠક દરમિયાન જણાવ્યું હતું કે 'ગતિવિધિ અને ભાષાના માધ્યમના વિચારનો નાશ કરવા માટે સત્તાનો દુરુપયોગ થાય તો એનું રીએૅક્શન આવવાનું જ છે, પણ કેન્દ્ર સરકાર આ મામલાને નજરઅંદાજ કરી રહી છે. મહારાષ્ટ્ર અને કર્ણાટક વચ્ચે પ્રવર્તતો સીમા વિવાદ બે રાજ્યોનો નહીં પણ પાડોશી રાજયના સરહદી વિસ્તારોમાં મરાઠી બોલનારા લોકોના અધિકારો અને ન્યાયનો છે.'

એનસીપીના નેતા અને શરદ પવારનાં પુત્રી સુપ્રિયા સુળેએ બુધવારે લોકસભામાં આ મુદ્દો ઉઠાવ્યો હતો. એ સંદર્ભમાં શરદ પવારે કહ્યું હતું કે 'ગઈ કાલે લોકસભાના સ્પીકરે સુપ્રિયા સુળેને કહ્યું હતું કે આ વિવાદ બે રાજ્યો વચ્ચેનો છે અને એ સંસદના ગૃહમાં ઉઠાવવાનો મુદ્દો નથી. જો સંસદ આ વિવાદ પર ધ્યાન નહીં આપે તો કોણ આપશે? કેન્દ્ર સરકાર કેવળ મૂક પ્રેક્ષક ન બની રહી શકે.'

તેમણે જણાવ્યું હતું કે મહારાષ્ટ્રની સીમા નજીક આવેલા કર્ણાટકના બેલગાવીમાં કન્નડભાષી વસતીની ટકાવારી કેવી રીતે વધી શકે એ માટે ત્યાંની સરકારે હંમેશાં જુદું વલણ અખત્યાર કર્યું છે.

## દુઃખદ અવસાન / બેસણું

સખેદ જણાવવાનું કે, અમારા પિતાશ્રી સ્વ. પ્રેમાભાઈ ત્રિકમભાઈ ચૌહાણનું તા.૭/૧૨/૨૦૨૨ને બુધવારના રોજ ભગવાનના ચરણમાં ગયા છે. ભગવાનને ગમ્યું તે ખરૂં તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના.....



સ્વ.પ્રેમાભાઈ ત્રિકમભાઈ ચૌહાણ

સ્વ.તા.૦૭/૧૨/૨૦૨૨, બુધવાર

### સદ્ગતનું બેસણું

તા.૧૮/૧૨/૨૦૨૨ને રવિવારના રોજ, સમય સવારે ૧૦ થી ૩ સુધી.
સ્થળઃ-રોહિતવાસ, બહારપુરા, ગોધરા ખાતે રાખેલ છે.
મો.નં. ૯૪૨૮૧ ૪૨૯૯૬.

લી.

ગં.સ્વ. ગંગાબેન પ્રેમાભાઈ ચૌહાણ

| | |
|---|---|
| કમલેશભાઈ પ્રેમાભાઈ ચૌહાણ | ભાવનાબેન કમલેશભાઈ ચૌહાણ |
| બેચરભાઈ પ્રેમાભાઈ ચૌહાણ | શિલ્પાબેન બેચરભાઈ ચૌહાણ |
| પ્રવિણકુમાર કનુભાઈ મકવાણા (જમાઈ) | કોકિલાબેન પ્રવિણકુમાર મકવાણા (પુત્રી) |
| શૈલેષભાઈ પ્રેમાભાઈ ચૌહાણ | રાણંકબેન પ્રવિણકુમાર મકવાણા (ભાણી) |

પ્રવિણકુમાર કમલેશભાઈ ચૌહાણ
નરેન્દ્રકુમાર કમલેશભાઈ ચૌહાણ
અંકુરકુમાર પ્રવિણકુમાર મકવાણા (ભાણેજ)

સમસ્ત ત્રિકમભાઈ ખાનાભાઈ ચૌહાણ પરિવાર

## સંસદને કાયદો બનાવવાનો હક છે, તો અમને સમીક્ષાનો : સુપ્રીમકોર્ટ



નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે કોલેજિયમ સિસ્ટમ મુદ્દે કેન્દ્ર સરકારને આકરી ભાષામાં ફટકાર લગાવી છે. જસ્ટિસ સંજય કિશન કૌલની અધ્યક્ષતા ધરાવતી બેન્ચે ગુરુવારે કોલેજિયમ અંગેની અરજીની સુનાવણીમાં કહ્યું કે, સંસદને કાયદો બનાવવાનો હક છે, તો સુપ્રીમ કોર્ટને પણ કાયદાની સમીક્ષા (સ્ક્રૂટિની) કરવાનો હક છે.

ઉચ્ચ બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો દ્વારા કોલેજિયમ સિસ્ટમની ટીકા કરવી અયોગ્ય છે. કેટલાક લોકોના વિરોધથી તે સિસ્ટમ ખતમ નહીં થાય. બેન્ચે એટર્ની જનરલ વેંકટરમણિને કહ્યું કે, તમે સરકારને જણાવો કે કોલેજિયમ સિસ્ટમ દેશનો કાયદો છે અને તેનું પાલન થવું જોઈએ. કાલે તેઓ કહેશે કે, પાયાનું માળખું પણ બંધારણનો ભાગ નથી, તો શું તેને પણ હટાવી દેશો?

બીજી તરફ, ઉપ રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે રાજ્યસભામાં પોતાના પહેલા સંબોધનમાં નેશનલ જ્યુડિશિયલ એપોઈન્ટમેન્ટ્સ કમિશન (એનજેએસી)નો મુદ્દો ઉઠાવ્યો હતો. ધનખડે કહ્યું હતું કે, ૨૦૧૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા એનજેએસીને ફગાવી દીધો હતો, જે જનાદેશનું અપમાન કરનારું પગલું હતું. જનાદેશના સંરક્ષક લોકસભા અને રાજ્યસભાએ એનજેએસી પસાર કર્યો હતો. અગાઉ કાયદા મંત્રી કિરેન રિજીજુએ પણ કોલેજિયમ સિસ્ટમને જનવિરોધી ગણાવીને ટીકા કરી હતી. તેઓ અનેક વાર જાહેરમાં એનજેએસીનું સમર્થન કરી ચૂક્યા છે.

જસ્ટિસ કૌલઃ સમાજનો એક વર્ગ સંસદે બનાવેલા અમુક કાયદા સાથે સંમત નથી. શું કોર્ટ તેના આધારે તે કાયદા પણ રદ કરી દેવા જોઈએ? એટર્ની જનરલ વેંકટરમણિઃ કોર્ટે પાછલી સુનાવણીના નિર્દેશોની સરકારને જાણકારી આપી છે. હવે ઝડપથી વિવાદિત મુદ્દા ઉકેલાઈ જશે.

જસ્ટિસ કૌલઃ આ અંતહીન લડાઈની જેમ ના ચાલી શકે. આ મામલાનો ઝડપી ઉકેલ લાવો. હજુ સુપ્રીમ કોર્ટે અવમાનનાની નોટિસ જારી નથી કરી. જસ્ટિસ કૌલઃ કોલેજિયમ તરફથી મોકલેલા નામોમાં સરકાર તરફથી મોડું કરવું અયોગ્ય છે. નામો અટકાવવાથી સમગ્ર સિસ્ટમમાં ખલેલ પડે છે. વરિષ્ઠ વકીલ વિકાસ સિંહઃ બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો સુપ્રીમ કોર્ટના ન્યાયિક પુનરાવલોકનના અધિકારને પડકારે તે અયોગ્ય છે. જસ્ટિસ વિક્રમ નાથઃ સુપ્રીમ કોર્ટ કોલેજિયમ વિશે અયોગ્ય ટિપ્પણીઓ ના કરવી જોઈએ. એજી સરકારને આ પ્રકારના નિવેદનો રોકવા અંગે કહે.

તૃણમૂલ સાંસદ સૌગત રાયે ગુરુવારે લોકસભામાં કહ્યું કે, કોલેજિયમ સિસ્ટમ કેન્દ્ર સરકારના અન્યાય વિરુદ્ધ મોટી ગેરંટી છે. સરકાર ન્યાયપાલિકા સહિત દરેક સ્થળે સત્તા હડપવાનો પ્રયાસ કરી રહી છે. સરકાર કોલેજિયમ સિસ્ટમ ખતમ કરવા ઉચ્ચ હોદ્દે બેઠેલાનો ઉપયોગ કરી રહી છે. કાયદા મંત્રી કિરેન રિજીજુએ રાજ્યસભામાં આપેલા લેખિત જવાબમાં કહ્યું કે, હાલ એનજેએસીને ફરી શરૂ કરવાનો કોઈ પ્રસ્તાવ નથી. હાલ સરકાર પાસે સુપ્રીમ કોર્ટમાં નિયુક્તિનો એક અને હાઈકોર્ટના આઠ પ્રસ્તાવ પેન્ડિંગ છે.

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જિલ્લા સ્વાગત કાર્યક્રમ ૨૨ ડિસેમ્બર, તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૧ ડિસેમ્બરના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે

લુણાવાડા, મહિસાગર જિલ્લાના પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે માન.મુખ્યમંત્રી દ્વારા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે. જેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ દર માસના ચોથા ગુરૂવારે કલેકટરના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત તથા ચોથા બુધવારે મામલતદારની કચેરીઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓના અધ્યક્ષ સ્થાને તાલુકા સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં વ્યક્તિગત પ્રશ્ન કે જેમાં કોર્ટ મેટર, નિતિ વિષયક તથા સેવા વિષયક સિવાયના કાર્યોનો નિકાલ સંબંધિત કચેરીમાં ન થતો હોય તેવા કાર્યોના નિકાલની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જિલ્લાના તમામ તાલુકા માટે ડિસેમ્બર-૨૦૨૨ નો તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૧/૧૨/૨૦૨૨ બુધવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે તથા જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૨/૧૨/૨૦૨૨ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજવાનો હોય માહે ડિસેમ્બર-૨૦૨૨ માં જિલ્લા અને તાલુકાઓમાં વર્ગ-૧ કક્ષાના અધિકારીઓ તા.૨૧/૧૨/૨૦૨૨ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે. આ સ્વાગત કાર્યક્રમમાં પ્રાંત અધિકારી,લુણાવાડાને લુણાવાડા તાલુકામાં, પ્રાંત અધિકારી સંતરામપુરને સંતરામપુર તાલુકામાં, પ્રાંત અધિકારી બાલાસિનોરને બાલાસિનોર તાલુકામાં, નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,મહિસાગરને ખાનપુર તાલુકામાં, પ્રાયોજના વહીવટદાર, મહિસાગરને કડાણા તાલુકામાં અને જિલ્લા પુરવઠા અધિકારી,મહિસાગરને વિરપુર તાલુકાના લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે.

ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો/રજુઆત અંગેની અરજી ‘‘મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી’’ તેવા મથાળા હેઠળ સંબંધિત ગામનાં તલાટી/મંત્રીને સંબોધીને ૧ થી ૧૫ તારીખ સુધીમાં આપવાની રહેશે. તા.૧૫/૧૨/૨૦૨૨ સુધીમાં મળેલ અરજીને તાલુકા સ્વાગત કાર્યક્રમાં સમાવવામાં આવશે. જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ભાગ લેવા માટે અરજદારએ પોતાના વ્યક્તિગત/અંગત પ્રશ્ન ટાઇપ કરેલી અરજી ફોન નંબર તથા સંપૂર્ણ સરનામાં સાથેની એક અરજીમાં એક જ પ્રશ્ન સંબંધિત અમલીકરણ અધિકારીની કચેરીને કરેલી અરજીની નકલ સાથે સંબંધિત કચેરીને મોકલી આપવાની રહેશે.તેમ નિવાસી અધિક કલેકટર મહિસાગર-લુણાવાડાની અખબારી યાદીમા જણાવેલ છે.

# વીરપુર તાલુકાના કેવડિયા ગામે અગમ્ય કારણોસર આગ લાગતા મકાન માલિકને ૧ લાખ પાંચ હજારની સહાય આપવામાં આવી

વિરપુર, મહીસાગર જિલ્લામાં વીરપુર તાલુકાના કેવડિયા ગામે મસૂરભાઈ મોતીભાઈ ખાંટના મકાનમાં થોડા દિવસ પહેલા રાત્રીના આશરે ૩ વાગે અચાનક આગ લાગતા ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. જેમાં ઘર માલિકને એક લાખ રૂપિયાથી વધુનું નુકશાન થવા પામ્યું હતું. મોડી રાત્રે મકાનમાં અચાનક લાગેલી આગથી કેવડિયા ગામે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

વીરપુર તાલુકાના કેવડિયા ગામના મંદિરવાળા ફળિયામાં મસૂરભાઈના લાકડાની છત વાળા મકાનમાં ઘાસના પૂળા પડેલા હોવાથી આગ વધુ પ્રસરી હતી. અચાનક આગ લાગતા ઘર માંથી પરિવારજનો તો હેમખેમ બહાર આવી ગયા હતા પરંતુ મકાનના રહેલા કપડાં, દસ્તાવેજ તેમજ ઘરવખરી બળીને ખાક થઈ ગઈ હતી. આગનું સ્વરૂપ એટલું વિકરાળ હતું કે, જોતજોતામાં આખા મકાનને ઝપેટમાં લઈ લીધું હતું. લાકડાના ઘરમાં ઘાસના પૂળા પડેલા હોવાથી આગ જલદી પ્રસરી હતી. આગની જાણ થતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને તેઓએ પાણી છાંટવાનું શરૂ કરી દીધુ હતું. પરિવારજનોને અંદાજે રૂ.૧ લાખથી વધારેનુ નુકસાન થયું હોવાનું તલાટીને જણાવ્યું હતું. ત્યારે આજ રોજ વીરપુર તાલુકા પંચાયત ખાતે જિલ્લા પંચાયતના સદસ્ય પીનાકીન શુક્લ, વીરપુર તાલુકા પંચાયતના કારોબારી સમિતિના ચેરમેન જીગર પટેલ અને વરધરા ગ્રામ સરપંચના સરપંચ કવન પટેલેની અધક્ષતામાં રૂ.૧૦૫૮૦૦ નો ચેક સહાય રૂપે આપતા પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો.

# ૧૬ તારીખથી ધનારક કમુરતાં શરૂ:હવે મકર સંક્રાંતિ પછી લગ્ન માટે મુહૂર્ત રહેશે, ૨૦૨૩માં જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં લગ્ન માટે કુલ ૨૩ મુહૂર્ત

અમદાવાદ, ૧૬ તારીખે સૂર્યદેવ ધન રાશિમાં પ્રવેશ કરશે અને ધનુર્માસ શરૂ થઈ જશે. જેને ધનારક કમુરતાં પણ કહેવામાં આવે છે. જ્યોતિષ ગ્રંથો પ્રમાણે આ સમયગાળા દરમિયાન માંગલિક કાર્યો થઈ શકે નહીં. ધનુર્માસ ૧૪ જાન્યુઆરી ૨૦૨૩ સુધી રહેશે. તે પછી લગ્ન માટે મુહૂર્ત મળી શકશે.

પુરીના જ્યોતિષાચાર્યે જણાવ્યું કે ૧૬ ડિસેમ્બરે સાંજે લગભગ ૭ વાગે સૂર્ય ધન રાશિમાં પ્રવેશ કરશે. જેથી ધનુર્માસ શરૂ થઈ જશે. આ મહિનો ૧૪ જાન્યુઆરી સુધી રહેશે. મકર સંક્રાંતિ સાથે ધનુર્માસ પૂર્ણ થઈ જશે. આ આખા ધનુર્માસમાં સૂર્ય, ગુરુની રાશિમાં હોય છે. જ્યોતિષીય ગ્રંથો પ્રમાણે જ્યારે પણ સૂર્ય, ગુરુની રાશિ એટલે ધનમાં રહે છે ત્યારે આ સમયગાળા દરમિયાન કોઈપણ પ્રકારના મંગળ કાર્યો થઈ શકતાં નથી. ૧૬ ડિસેમ્બરે સૂર્ય ગ્રહ ધન રાશિમાં પ્રવેશ કરશે. એવામાં આ સમયગાળા દરમિયાન શુભ કાર્યો થઈ શકતાં નથી.

ગુરુ માંગલિક કાર્યોનો કારક ગ્રહ છે. ધન અને મીન રાશિ ગુરુ ગ્રહની રાશિ છે. જેમાં ગ્રહરાજ સૂર્યના પ્રવેશ કરતાં જ ધનુર્માસ દોષ લાગે છે. જ્યોતિષ ગ્રંથોમાં ઉલ્લેખવામાં આવ્યું છે કે જ્યારે સૂર્યની રાશિમાં ગુરુ હોય અને ગુરુની રાશિમાં સૂર્ય સંક્રમણ કરી રહ્યો હોય તો બુધાદિત્ય કાળ કહેવામાં આવે છે. આ કાળમાં બધા શુભ કાર્યો કરવા વર્જિત માનવામાં આવે છે. ૧૬ ડિસેમ્બરે સૂર્ય ગ્રહ ધન રાશિમાં પ્રવેશ કરશે. એવામાં આ સમયગાળા દરમિયાન શુભ કાર્યો થઈ શકતાં નથી.

શાસ્ત્રો પ્રમાણે, ધનુર્માસ દરમિયાન ભગવાન વિષ્ણુની આરાધના કરવામાં આવે તો જીવનમાં અટવાયેલાં કાર્યો પૂર્ણ થાય છે. સૂર્ય સિવાય દેવગુરુના મંત્રનો જાપ કરવો પણ લાભકારી માનવામાં આવે છે. નિત્ય મંદિર જઈને દેવ દર્શન કરવા પણ ફળદાયી રહે છે.જાન્યુઆરીમાં ૯ અને ફેબ્રુઆરીમાં ૧૪ દિવસ લગ્ન થશે. ૨૮ ફેબ્રુઆરીથી હોળાષ્ટક શરૂ થશે

આવતા વર્ષે હોળી પહેલાં લગ્ન માટે ૨૩ મુહૂર્ત રહેશે. તેમાં જાન્યુઆરીમાં ૯ અને ફેબ્રુઆરીમાં ૧૪ દિવસ લગ્ન થશે. ૨૮ ફેબ્રુઆરીથી હોળાષ્ટક શરૂ થશે. એટલે હોળી પહેલાંના આઠ દિવસ માંગલિક કાર્યો માટે શુભ માનવામાં આવતાં નથી. તે પછી ૧૫ માર્ચથી મીનમાસ રહેશે. આ દરમિયાન લગ્ન થઈ શકે નહીં. એટલે ૪ મેથી લગ્નની સિઝન શરૂ થશે. જે ૨૭ જૂન સુધી રહેશે.

જાન્યુઆરી: ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૫, ૨૬, ૨૭, ૩૦ અને ૩૧.

ફેબ્રુઆરી: ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૨, ૨૩ અને ૨૮.

# ગુજરાતમાં ભાજપના તોતિંગ વિજયની વિશ્ર્વભરનાં અખબારોએ નોંધ લીધી

નવીદિલ્હી, ગુજરાતની ચૂંટણીમાં ભાજપને મળેલી બહુમતીને ઈન્ટરનેશનલ મીડિયાએ પીએમ મોદીના નેતૃત્વને લોકો દ્વારા મળતી સ્વીકૃતિના રૂપે જોઈ છે. મોટાભાગના વિશ્ર્લેશણો અને રિપોર્ટ મુજબ મોદીના નેતૃત્વના કારણે ભાજપને અભૂતપૂર્વ સફળતા મળી છે તેનો વિકાસ અને હિન્દુત્વવાદી છબીનું મિશ્રણ જ તેની પ્રભાવશાળી છબીનો પાયો છે. બ્રિટીશ ન્યૂઝ પોર્ટલ ઈન્ડિપેન્ડન્ટે ૨૦૨૪ની લાકેસભા ચૂંટણી પહેલાં વડાપ્રધાન મોદી માટે આ જીત રાહત ગણાવી છે. ખાસ કરીને વધતી જતી મોંઘવારી અને બેરોજગારી વચ્ચે આટલું અભૂતપૂર્વ જનસમર્થન વિકાસવાદને હિન્દુત્વના ચમત્કારિક નેતૃત્વનું પરિણામ છે. કતારના રાજવી પરિવારના અલ જજીરાએ કહ્યું કે પીએમ મોદીની હિન્દુ રાર્ષ્ટ્રવાદી પાર્ટીએ ભારતના પિમી રાય ગુજરાતમાં નિયંત્રણ જાળવી રાખ્યું. બ્રિટીશ મીડિયા હાઉસ ધ ગાર્ડીયને લખ્યું કે ગુજરાત લાંબા સમયથી હિન્દુ રાર્ષ્ટ્રવાદી ભાજપ પાર્ટીનો ગઢ રહ્યું છે. જેણે ૧૯૯૫ પછી સતત ચૂંટણીઓ જીતી છે. પરંતુ આ વખતેની જંગી બહુમતીથી જીત ભાજપની સૌથી મોટી ચૂંટણી સફળતા છે. અમેરિકન મીડિયા હાઉસ એબીસી ન્યુઝે લખ્યું કે વધતી મોંઘવારી બેરોજગારી અને ધાર્મિક ધ્રુવીકરણની ટીકા છતાં મોદી અને તેની પાર્ટીની લોકપ્રિયતા આર્યજનક છે. દુનિયાના સૌથી વધુ વેંચાતા જાપાનનાં બિઝનેસ અખબાર નિકેઈની વેબસાઈટ એશિટા નિકેઈએ લખ્યું કે ઉચ્ચ ફુગાવા અને વધતી જતી બેરોજગારીની ચિંતા છતાં ભાજપની વફાદાર હિન્દુ વોટ બેંક સ્થિર દેખાય છે. પોતાના સ્ટાર પાવરથી પીએમ મોદીએ ભાજપને અપેક્ષિત સફળતા અપાવી છે. સિંગાપુરના ન્યુઝ પોર્ટલ સ્ટ્રેટ ટાઈમ્સે લખ્યું કે ગુજરાત ભાજપનો ગઢ છે. પીએમ મોદીએ ત્યાં ૨૦૦૧થી ૨૦૧૪ વચ્ચે ૧૩ વર્ષ સુધી રાય પર શાસન કર્યુ અને તેને આર્થિક મહાશકિતમાં ફેરવી નાખ્યું. પીએમ મોદીના પ્રભાવના કારણે જ તમામ સ્થાનિક મુદાઓ ઉપરાંત મોરબી દુર્ઘટના બાદ પણ ભાજપે અવિશ્ર્વસનિય જીત મેળવી છે.

# ગુજરાતની પ્રચંડ જીતથી ભાજપને રાજયસભામાં મોટો ફાયદો થશે : તમામ ૧૧ સભ્યોનો રેકોર્ડ સર્જશે

નવીદિલ્હી, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીતને પગલે ભાજપને રાજયસભામાં પણ મોટો ફાયદો થવાની સંભાવના છે. ગુજરાતની તમામ ૧૧ રાજયસભા બેઠકો ભાજપના કબ્જામાં આવી જાય તેમ છે.રાજયસભામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ ૧૧ સભ્યોનું છે. હાલ ૮ બેઠકો પર ભાજપનો કબ્જો છે જયારે ત્રણ કોંગ્રેસના હાથમાં છે. આવતા વર્ષે ત્રણ બેઠકો પર સભ્યો નિવૃત થવાના છે અને તે ભાજપ જ મેળવે તે સ્પષ્ટ છે. ૨૦૨૪માં ચાર બેઠકો ખાલી થશે અને તેમાં ભાજપ વધારાની બે બેઠકો હાંસલ કરશે અને જુન ૨૦૨૬માં ખાલી થનારી ચાર બેઠકોમાંથી વધુ એક બેઠક ભાજપ મેળવી શકશે. આ વખતે તમામ ૧૧ રાજયસભા બેઠકો ભાજપના હાથમાં આવી જશે. મોટા રાજયોમાં રાજયસભાની તમામ બેઠકો એક જ પક્ષ પાસે હોય તેવુ ભાગ્યે જ જોવા મળતુ હોય છે. ગુજરાતની ઐતિહાસિક જીતથી ભાજપને રાજયસભામાં ફાયદો થવાની સામે હિમાચલમાં સતા ગુમાવતા બે બેઠકોનું નુકશાન થઈ શકે છે. એપ્રિલ ૨૦૨૪માં કોંગ્રેસને હિમાચલની ત્રણમાંથી એક રાજયસભા બેઠક મળી શકશે જયારે ૨૦૨૬માં બીજી સીટ મળશે. હાલ હિમાચલની રાજયસભાની ત્રણેય બેઠકો ભાજપ પાસે છે. ભાજપ પ્રમુખ જે.પી.નડ્ડા ૨૦૨૪માં નિવૃત થવાના છે. રાજયસભાની કુલ ૧૦ બેઠકો આવતા વર્ષે ખાલી થવાની છે એટલે કોઈ મોટો બદલાવ થાય તેમ નથી પરંતુ એપ્રિલ ૨૦૨૪માં મોટુ પરિવર્તન થશે ત્યારે ૫૬ બેઠકો ખાલી થવાની છે અને વિવિધ રાજયોમાં તેનું મતદાન થશે. રાજયસભામાં હાલ ૨૩૯ સભ્યો છે. ૭ બેઠકો ખાલી છે તેમાં કાશ્મીરની ચાર છે. રાજયસભામાં સૌથી વધુ ૯૨ બેઠકો ભાજપ પાસે છે. કોંગ્રેસના ૩૧, તૃણમુલ કોંગ્રેસના ૧૩, ડીએમકે-’આપ’ના ૧૦-૧૦ સાંસદો છે.

## કેસોનો ભરાવો ઘટાડવા ધારાશાસ્ત્રીઓને કામે લગાડાશે ?

# વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓની ’ટૂંકા’ સમયગાળા માટે ન્યાયાધીશ તરીકે નિમણુંક કરવા કેન્દ્રને ભલામણ !

નવીદિલ્હી, ભારતીય ન્યાયપ્રણાલીને ઝડપી બનાવવા માટે સતત પ્રયત્નો કરાઈ રહ્યા છે. ભારતના ન્યાયતંત્ર સાથે વણાઈ ગયેલો ફિલ્મ ’દામીની’નો ડાયલોગ ’તારીખ પે તારીખ’ને ભૂતકાળ બનાવવા માટે સતત પ્રયત્નો કરાઈ રહ્યા છે. ત્યારે આ દિશામાં વધુ એક પગલું માંડવા સુપ્રીમ કોર્ટે સરકારને સૂચન કર્યુ છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને સૂચન કર્યુ છે કે, ઘણા વરિષ્ઠ અને સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રીઓ સંપૂર્ણકાલીન ન્યાયાધીશ બનવા માંગતા નથી પરંતુ ટૂંકા સમયગાળા માટે તેઓ ન્યાયાધીશ બનવાની તૈયારી ધરાવે છે ત્યારે તેમની ટૂંકા સમયગાળા માટે એટલે કે એડહોક જજ તરીકે નિમણુંક આપવામાં આવે જેના લીધે



ન્યાયતંત્રની ખાલી પડેલી જગ્યાઓ ભરી શકાય અને અદાલતનું ભારણ પણ ઘટાડી શકાય.

ઘણા નામાંકિત વકીલો તેમની સામાજિક જવાબદારીના ભાગરૂપે ઉચ્ચ અદાલતોમાં એડહોક ન્યાયાધીશો તરીકે નિમણૂક માટે તેમની કાનૂની પ્રેક્ટિસમાંથી થોડા વર્ષો માટે વિરામ લેવા તૈયાર છે જેથી કેન્દ્રએ આ પ્રસ્તાવ પર વિચાર કરી ધારાશાસ્ત્રીઓને બે થી ત્રણ વર્ષ માટે નિમણુંક આપવી જોઈએ તેવું સુપ્રીમ કોર્ટની ખંડપીઠે જણાવ્યું છે. વિવિધ હાઈકોર્ટમાં પેન્ડિંગ કેસ અને મોટી સંખ્યામાં ન્યાયિક ખાલી જગ્યાઓ હોવાથી જસ્ટિસ સંજય કે. કૌલ, અભય એસ.ઓકા અને વિક્રમનાથની બેન્ચે જણાવ્યું હતું કે, વરિષ્ઠ વકીલો ઘણીવાર કાયમી ન્યાયાધીશ પદ લેવા માટે તૈયાર નથી હોતા પરંતુ તેઓ આ પદ ટૂંકા કાર્યકાળ માટે સ્વીકારવા ઈચ્છુક હોય છે.

જો તેઓને તેમની નિપુણતાના ક્ષેત્રમાં કેસનો નિર્ણય લેવાની મંજૂરી આપવામાં આવે તો કેસોના નિકાલના દરમાં વધારો કરવા માટે તેમની નિમણૂક અસરકારક રહેશે તેવો તર્ક આપીને સુપ્રીમે એટર્ની જનરલ આર વેંકટરામાણીને આ વિચારની શોધ કરવા કહ્યું હતું. ખંડપીઠે જણાવ્યું હતું કે, ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની પ્રક્રિયા જટિલ છે. તેને અસરકારક બનાવવા અને વકીલોને આકર્ષવા માટે સરળ પ્રક્રિયા અપનાવવી જોઈએ.

આપણે એ હકીકત પર પણ ધ્યાન આપવું પડશે કે કેટલીક ઉચ્ચ અદાલતોમાં પેન્ડન્સી ખૂબ ઊંચી છે અને એડ-હોક ન્યાયાધીશો માટે ભલામણ કરવા માટે ૨૦% થી વધુ ખાલી જગ્યાઓનો માપદંડ ચોક્કસ વિષયોમાં કેસોની પેન્ડન્સી ઘટાડવામાં મદદ કરી શકશે નહીં તેવું બેન્ચે જણાવ્યું હતું. ગયા વર્ષે ૨૦ એપ્રિલના રોજ સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ અદાલતોમાં લગભગ ૫૭ લાખ કેસ પેન્ડિંગને "ડોકેટ વિસ્ફોટ" તરીકે ગણાવતા હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટે માર્ગ મોકળો કરવા માટે "નિષ્ક્રિય" બંધારણીય જોગવાઈને સક્રિય કરી હતી. બે થી ત્રણ વર્ષ માટે બેકલોગ સાફ કરવા માટે એડહોક જજોની નિમણુંક પર ભાર મુક્યો હતો. માર્ગદર્શિકામાં ટ્રિગર પોઈન્ટ જેવા મુદાઓ આવરી લેવામાં આવ્યા હતા કે જ્યારે નિમણૂક પ્રક્રિયા ગતિ, કાર્યકાળ, નિમણૂક માટેની પ્રક્રિયા, પગાર, લાભો આવા ન્યાયાધીશોની મહત્તમ સંખ્યા અને કેસોના નિર્ણયમાં તેમની ભૂમિકા નક્કી કરી શકાય છે. અદાલતોમાં ૨૦% ખાલી જગ્યાઓ પણ કેસોનું ભારણ વધવા પાછળ જવાબદાર પરિબળ

ગયા વર્ષે ૨૦ એપ્રિલના રોજ સર્વોચ્ચ અદાલતે ઉચ્ચ અદાલતોમાં લગભગ ૫૭ લાખ કેસ પેન્ડિંગને "ડોકેટ વિસ્ફોટ" તરીકે ગણાવતા હાઈકોર્ટના ન્યાયાધીશોની નિમણૂક માટે માર્ગ મોકળો કરવા માટે "નિષ્ક્રિય" બંધારણીય જોગવાઈને સક્રિય કરી હતી.

# આપની આજ.......

મેષ : લાભ સાથે-સાથે વ્યયની પણ સ્થિતિ બની રહેશે. વ્યવસાયિક કાર્યોમાં થોડા વિઘ્નો આવી શકે છે. તમારી અંદર કોઈપણ પ્રકારની હીન ભાવના અનુભવ ન કરો. તમે તમારા સૌમ્ય અને સહજ સ્વભાવ દ્વારા કોઈપણ પરિસ્થિતિને પોતાના પક્ષમાં કરવામાં સક્ષમ રહેશો.

વૃષભ : પરિવાર સાથે શોપિંગ તથા હરવા-ફરવાનો પ્રોગ્રામ બનશે. વ્યવસાયિક સ્થળે તમારું વર્ચસ્વ જળવાયેલું રહેશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે. આજે તમને કોઈ શુભ સમાચાર મળી શકે છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મિથુન : પ્રેક્ટિકલ થઈને કોઈ નિર્ણય લેવાથી ઉત્તમ પરિણામ મળી શકે છે. કાર્યક્ષેત્રમાં બધા કામ યોગ્ય રીતે પૂર્ણ થતાં જશે. આ સમયે યોગ્ય બજેટ બનાવીને રાખો. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે.

કર્ક : રાજનૈતિક તથા અનુભવી વ્યક્તિની સલાહ તથા મદદ તમારા વ્યવસાયને નવી દિશા પ્રદાન કરશે. સ્વાસ્થ્ય ઠીક રહેશે. ઘરમાં કોઈ ધાર્મિક આયોજન પણ પૂર્ણ થઈ શકે છે.

સિંહ : ક્યારેક વધારે વિચારવામાં સમય લગાવવાથી પરિસ્થિતિ હાથમાંથી સરકી શકે છે. શરીરમાં દુખાવાની સમસ્યા રહેશે. જીવનસાથીનો તમારા પ્રત્યે ભાવનાત્મક લગાવ તમારા સંબંધને મજબૂત કરશે.

કન્યા : સફળતાના કારણે ક્યારેક તમારી અંદર અહંકારની ભાવના પણ આવી શકે છે. જીવનસાથીના સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું. તમારા કર્મ અને ભાગ્ય બંને મળીને તમારા માટે સારી પરિસ્થિતિઓનું નિર્માણ કરી રહ્યા છે.

તુલા : વ્યવસાયિક દૃષ્ટિએ સમય અનુકૂળ છે. તમે તમારી અંદર ભરપૂર આત્મવિશ્વાસ અનુભવ કરશો. સ્વાસ્થ્ય સારું રહેશે. ઘરનું વાતાવરણ સુખમય જાળવી રાખવામાં જીવનસાથીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહેશે.

વૃશ્ચિક : વ્યવસાયિક ગતિવિધિઓમાં તમારા સહયોગીઓની સલાહને પણ સર્વોપરિ રાખો. એકાગ્રતામાં થોડો ઘટાડો આવી શકે છે. છેલ્લાં થોડા સમયથી ચાલી રહેલી યોજનાઓને શરૂ કરવા માટે આજે સમય યોગ્ય છે.

ધનુ : પતિ-પત્ની વચ્ચે નાનો વિવાદ રહેશે. પરંતુ તેનાથી સંબંધો ગાઢ બનશે. આ સમયે બનાવેલી યોજના નજીકના ભવિષ્યમાં શુભ અવસર પ્રદાન કરશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

મકર : વ્યવસાયિક કાર્ય સમય પ્રમાણે પૂર્ણ થતાં જશે. ક્યારેક તમારો શંકાવાળો સ્વભાવ સંબંધને ખરાબ કરી શકે છે. ખાવાપીવામાં બેદરકારીને કારણે ગેસ તથા અપચાની સમસ્યા રહેશે.

કુંભ : કોઈ નજીકના સંબંધીની દખલ તમારા ઘર અને વેપારમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. જીવનસાથી સાથે ચાલી રહેલાં થોડા મતભેદો દૂર થશે. કોઈ પ્રોપર્ટીને લગતાં કાર્યો પણ બની શકે છે.

મીન : જૂની નકારાત્મક વાતોને યાદ કરવાની જગ્યાએ વર્તમાન ઉપર ધ્યાન આપો. યોગ અને કસરત કરતાં રહો. પાર્ટનરશિપને લગતા વ્યવસાયમાં તમારે જ બધી વ્યવસ્થા જોવી પડશે. પ્રેમ સંબંધોમાં ગેરસમજના કારણે ભાવનાત્મક અંતર વધી શકે છે. જૂની નકારાત્મક વાતોને યાદ કરવાની જગ્યાએ વર્તમાન ઉપર ધ્યાન આપો.

## ૨૦૨૩માં પણ રાજકીય દંગલ ચાલુ રહેશે

# મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક અને છતીસગઢ વિધાનસભા ચૂંટણીઓમાં ટક્કર જામશે

નવીદિલ્હી, ગુજરાતની ચૂંટણીમાં ભાજપના પ્રચંડ વિજયની સાથે હિમાચલ પ્રદેશમાં જે રીતે દર પાંચ વર્ષે સરકાર બદલવાનો સિલસીલો ચાલુ રહ્યો તેનાથી ૨૦૨૩માં જે વિધાનસભા ચૂંટણી આવી રહી છે તેમાં વધુ રસપ્રદ સ્થિતિ સર્જાય છે. ભાજપ હાલ તેના સૌથી મજબૂત કાર્યકાળમાં ગુજરાતમાં સૌથી વધુ બેઠકો જીતવાનો અને કોંગ્રેસ પક્ષે સૌથી ઓછી બેઠકો પર વિજય મેળવવાનો રેકોર્ડ કર્યો છે પરંતુ દેશના અન્ય રાજ્યો કે જેમાં ૨૦૨૩ દરમિયાન ધારાસભા ચૂંટણી આવી રહી છે ત્યાં ભાજપ માટે સીધા ચઢાણ નહીં હોય તે નિશ્ચિત છે.

૨૦૨૩માં કુલ ૮ રાજ્યોમા ધારાસભા ચૂંટણીઓ યોજાવાની છે અને બીજી ચૂંટણીઓમાં દિલ્હી મહાનગરપાલિકા પછી હવે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પણ આગામી સમયના રાજકારણમાં મહત્વની બનશે કારણ કે મહારાષ્ટ્રમાં ભાજપે શિવસેનાના બાગીઓ સાથે સતા હાંસલ કરી છે અને તે આગામી ધારાસભા ચૂંટણી અને લોકસભા ચૂંટણીમાં પોતાના દમ પર જ મહારાષ્ટ્ર કબજે કરવા આતુર છે પરંતુ તે સમયે હજુ ૨૦૨૪ પછી આવે તો પણ જે ૮ રાજ્યોમાં ધારાસભા ચૂંટણી યોજાઈ રહી છે તેમાં ઓછામાં ઓછા ૪ રાજ્યો ભાજપ અને કોંગ્રેસ માટે મહત્વના છે.

હિમાચલ પ્રદેશમાં સતા મેળવ્યા પછી હવે આગામી વર્ષે રાજસ્થાન અને છતીસગઢમાં કોંગ્રેસ પક્ષે સતા જાળવી રાખવાનો પડકાર છે. રાજસ્થાનમાં જે રીતે હિમાચલની જેમ જ દર પાંચ વર્ષે સરકાર બદલવાનો સીલસીલો છે તે જોતા તેમજ કોંગ્રેસમાં આંતરિક વિખવાદ છે તેના કારણે આ રાજ્યમાં ભાજપ માટે સરળ સ્થિતિ હોવાનું માની શકાય નહીં કારણ કે ભાજપમાં પણ આંતરિક જુથવાદ ટોચના કક્ષાએ છે અને ગુજરાત જેવી ક્લીન સ્થિતિ નથી અને આથી જ રાજસ્થાનમાં પણ ભાજપે સંગઠન માટે ’સી.આર. પાટીલ’ શોધવા પડશે.

મધ્યપ્રદેશમાં ભાજપ ટૂંક સમયમાં જ નેતૃત્વ પરિવર્તન કરવા જઈ શકે છે. જેમ ગુજરાતમાં ચૂંટણીના એક વર્ષ પહેલા નો-રિપીટ થિયરીથી મુખ્યમંત્રી સહિતના મંત્રીમંડળને બદલી નંખાયું તેનાથી જ ભાજપને આ પ્રચંડ વિજય મેળવવામાં સફળતા મળી હોવાનું માનવામાં આવે છે. નહીંતર કદાચ ગુજરાતમાં ભાજપે સતા પણ ગુમાવી હોત તેવા અનુમાન મુકાતા હતા અને આથી જ મધ્યપ્રદેશમાં ડીસેમ્બર માસમાં ચૂંટણી પૂર્વે ભાજપ કોઈ નિર્ણય લઈ શકે છે.

વર્તમાન મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ ચોથી ટર્મમાં મુખ્યમંત્રી છે. અગાઉ ત્રણ ટર્મમાં વિજય બાદ ચોથી ટર્મમાં મધ્યપ્રદેશ કબજે કર્યુ હતું પરંતુ જ્યોતીરાદિત્ય સિંધીયાના પક્ષપલ્ટા અને સામૂહિક પક્ષાંતર સાથે સરકાર બદલવામાં સરળતા થઈ અને હવે આગામી દિવસોમાં ભાજપ મધ્યપ્રદેશ માટે નવી વ્યૂહરચના વિચારશે જેમ ગુજરાતમાં ૨૦૨૨ની ચૂંટણીના લગભગ એક વર્ષ પૂર્વે જ ભાજપ એકશનમાં આવી ગયું હતું તેવી જ સ્થિતિ મધ્યપ્રદેશની છે અને બાદમાં કર્ણાટક થઈ શકે છે.ભાજપનો તાત્કાલીક એજન્ડા કર્ણાટક હશે જ્યાં એપ્રિલ-મે ૨૦૨૩માં ધારાસભા ચૂંટણીઓ યોજાય રહી છે અને અહીં ભાજપ માટે ’ઓલ વેલ’ નથી અને તેથી જ પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદુયીરપ્પાને ભાજપે કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડમાં સમાવ્યા તે પણ સૂચક છે. અહીં કદાચ નેતૃત્વ પરિવર્તન ન કરે તો પણ ભાજપ કર્ણાટક માટે કોઈ મોટો ગેઈમ પ્લાન નિશ્ચિત કરશે.અન્ય જે રાજ્યોમાં ચૂંટણી યોજાય રહી છે તેમાં છતીસગઢમાં રાજસ્થાનની સાથે જ વિધાનસભા ચૂંટણી છે અને અહીં પણ કોંગ્રેસની સરકાર છે જે આ પક્ષની અન્ય સરકારો કરતા વધુ શાંત અને સ્થિર રીતે કામ કરી રહી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર બધેલ ભાજપ અને કેન્દ્ર સાથે સીધી ટક્કર નિવારીને પોતાની રાજકીય વ્યૂહરચના આગળ વધારી રહ્યા છે પણ મધ્યપ્રદેશ સાથે જોડાયેલુ આ રાજ્ય ભાજપને માટે ૨૦૨૪ જીતવા પણ જરુરી છે.દરમિયાન જે ઉતર પૂર્વના રાજ્યો છે તેમાં ત્રિપુરા-મેઘાલય-નાગાલેન્ડમાં ફેબ્રુઆરીમાં જ ધારાસભા ચૂંટણીઓ છે અને ત્રણેય રાજ્યોમાં ભાજપ અને તેને સમર્થિત સરકાર છે તો મિઝોરમમાં ડીસેમ્બરમાં ધારાસભા ચૂંટણી છે જ્યાં મિઝો નેશનલ ફ્રન્ટને પડકારવુ ભાજપ માટે સૌથી મહત્વનું છે.

# દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના અણિકા ગોડાઉન કેન્દ્ર પર ટ્રેક્ટર દિઠ ૫૦૦ રૂપિયાની ઉઘરાણીનો વિડીયો વાયરલ



ગોડાઉનના કર્મચારી દ્વારા કોઈપણ ખેડૂત પાસેથી એક પણ રૂપિયો લેવામાં આવતો નથી કે તેમની ડાંગર ખરાબ કહીને રિજેક્ટ કરવામાં આવતી નથી. અમે કોઈ જોડેથી રકમ લીધી હોય કે માંગી હોય તેવો એક પણ ખેડૂત લાવો.
ગોડાઉન ઓપરેટર, રાકેશભાઈ માલ.

ખેડૂત પાસેથી ટ્રેક્ટર કેટ ૪૦૦ ૫૦૦ રૂપિયા લેવામાં આવતા નથી તેમની પાસેથી જે ખુશીથી ચા-પાણીના પૈસા આપે છે તે જ રકમ લઈએ છીએ તોલાટ અણિકા ગોડાઉન તોલાટ મજુરો.

સંજેલી,

સંજેલી તાલુકાના અણિકા ખાતે આવેલ ડાંગરની ખરીદી ગોડાઉન કેન્દ્ર પર ખેડૂત ના ટેકટર દીઠ ખેડૂત પાસે થી રૂા.૫૦૦/- ની ચા પાણીની ઉગરાણી થતી હોવાનું વિડીયો થયો વાયરલ તાલુકામાં ચકચાર મચી જવા પામી.

સરકાર દ્વારા ખેડૂતોને ટેકાના ભાવ થી ખરીદી કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે અને જ્યાં ખેડૂતોને પોતાની મહેનતની કરેલી વાવણીના ખેતીના પાકના પોષણ સમ ભાવ મળી રહે તેવા આશય થી મોટાભાગના તાલુકા મથકે કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. જેમા સંજેલી તાલુકાના અણિકા ખાતે આવેલા સરકારી ગોડાઉન ખાતે ડાંગરની ખરીદીના કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે. તાલુકાના ખેડૂતો પોતાના બે ત્રણ દિવસથી ટેકટરો લઈ અને પોતાના ખેતી કરેલા ડાંગરના પાકના ટેકાના ભાવ મેળવવા માટે લાઈનમાં ભૂખ્યા અને તરસ્યા વધુ ભાવ મેળવવા માટે લાઈનમાં ઊભા રહ્યા છે બે ત્રણ દિવસ બાદ નંબર આવતા ડાંગરનો વજન કરનાર તોલાટ દ્વારા ટ્રેક્ટર દિઠ ચા પાણીના ૪૦૦ થી ૫૦૦ રૂપિયા લીધા બાદ જ ડાંગર તોલવાની કામગીરી શરૂ કરવામાં આવે છે.

સંજેલી તાલુકાના અણિકા ગોડાઉન પર ડાંગર ની ખરીદી કેન્દ્ર ઉપર તોલાડ દ્વારા ટ્રેક્ટર દિઠ ૪૦૦ થી ૫૦૦ રૂપિયા લીધા બાદ જ ડાંગર પાસ કરી અને તોલવાની કામગીરી શરૂ કરવામાં આવે છે. જો રકમ ના આપો તો તમારી ડાંગરમાં દડ છે ખરાબ છે લીલી છે તેવા ગતકડા કાઢવામાં આવી રહ્યા છે. રણછોડભાઈ પલાસ ખેડૂત નેનકી.

# રાજકારણના એપી સેન્ટર તરીકે ગણાતી લીમખેડા બેઠક પર ખેલાયેલા ત્રિપાંખિયા જંગમાં કોંગ્રેસના ઉમેદવારની ડિપોઝિટ ડૂલ

દાહોદ,

દાહોદ જિલ્લાની ૦૬ એ ૦૬ બેઠકો પર ભાજપે પ્રચંડ બહુમતીથી જીત મેળવી તમામ રાજકીય વિશ્લેષકોની ધારણાઓને ખોટી પાડી સૌને સ્તબ્ધ કરી દીધાં છે. લીમખેડા વિધાનસભા બેઠક પર ફેલાયેલા આ ખરાખરીના જંગમાં ભાજપના શ્વાસ અદ્ધર કરી દીધા હતા. જયારે બદલાયેલા સમીકરણોએ કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીના ગણિત બગાડી દીધા હતા. દાહોદ જિલ્લામાં રાજકારણનું એપી સેન્ટર ગણાતું લીમખેડા બેઠક ઉપર ખુબજ પાતળી સરસાઈથી ભાજપે વિજય મેળવતાં જિલ્લાના રાજકારણમાં ઘેરા પ્રત્યાઘાત પડવા પામ્યાં છે. લીમખેડા વિધાનસભા બેઠક પર ભાજપના શૈલેષભાઈ ભાભોરે આમ આદમી પાર્ટીના નરેશભાઈ બારીયાને ૩૬૬૩ જેટલી નજીવી સરસાઈથી હરાવ્યા છે. મત ગણતરીના પહેલા રાઉન્ડથી જ આ બેઠક પર ભાજપ તેમજ આમ આદમી પાર્ટી વચ્ચે ટક્કર ચાલી રહી હતી અને પરિણામના અંતમાં લીમખેડાના વર્તમાન ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોરે નજીવી સરસાઈથી જીત હાંસલ કરી હતી. જોકે, ચોકાવનારી વાત એ છે કે આ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર રમેશભાઈ ગોદીયા માત્ર ૮૦૦૦ વોટ લાવતા તેમને ડિપોઝિટ પણ જપ્ત થવા પામી છે. અત્રે કહી શકાય કે આદિવાસી બાહુબલી ધરાવતા દાહોદ જિલ્લાના રાજકારણના એપી સેન્ટર ગણાતી લીમખેડા વિધાનસભા બેઠક પર કોંગ્રેસનું કચ્ચરઘાણ આમ આદમી પાર્ટીને આભારી છે. આમ, આજની પાર્ટી એ આ બેઠક પર સાઈલેન્ટ પ્રચાર કર્યો હતો. જેના પરિણામ સ્વરૂપ આપના પાર્ટીના નરેશ બારીયા ૬૫,૭૫૪ જેટલા મતોએ કોંગ્રેસનું ગણિત બગાડી દીધું હતું.

# દાહોદ જિલ્લાની છ એ છ વિધાનસભા બેઠકો પર થયેલ પોસ્ટલ બેલેટ મતદાનમાં આમ આદમી પાર્ટી પ્રથમ ક્રમાંકે

દાહોદ,

દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ છ વિધાનસભા બેઠકોની આજે ગણતરી પૂર્ણ થતા ભાજપે છ એ છ વિધાનસભા બેઠકોના રાજકીય મેદાનમાં વિજયરૂપી સિક્સરરૂપી સિક્સર મારતા સો કોઈને ચોકાવી દીધા હતા. દાહોદ જિલ્લામાં ૨૦ વર્ષ બાદ બીજેપીએ જિલ્લાની છ એ છ વિધાનસભા બેઠકો પર જીતનો પરચમ લહેરાવતા કોંગ્રેસના સુપડા સાફ થયા છે. વર્ષોથી કોંગ્રેસનો પરંપરાગત રીતે ગઢ ગણાતા ઝાલો દાહોદ તેમજ ગરબાડા બેઠક પર કોંગ્રેસનો કિલ્લો ધ્વસ્ત કરી ભાજપ મજબૂત રીતે ઉભરીને આવ્યો છે. ત્યારે આજરોજ જાહેર થયેલા પરિણામોમાં તમામ વિધાનસભા બેઠકો પર થયેલા પોસ્ટલ મતદાનમાં જિલ્લાની છ એ છ વિધાનસભા બેઠકો પર સરકારી કર્મચારીઓએ ભાજપ કોંગ્રેસને જાકારો આપી આમ આદમી પાર્ટીને મત આપ્યો છે. વિધાનસભા વાઈસ વાત કરીએ તો ગરબાડા વિધાનસભામાં પોસ્ટલ બેલેટમાં સૌથી વધુ ૫૦૪ મત, ઝાલોદ વિધાનસભામાં સૌથી વધુ ૬૨૬ મત, દાહોદ વિધાનસભામાં ૫૨૪ મત, લીમખેડા વિધાનસભામાં ૭૧૫ મત, ફતેપુરા વિધાનસભામાં ૯૧૦ મત, દેવગઢબારિયા વિધાનસભામાં ૬૨૨ મત સરકારી કર્મચારીઓએ આમ આદમી પાર્ટીના ઝોળીમાં નાખ્યા છે. પોસ્ટલ બેલેટમાં બીજા ક્રમે ભાજપ અને કોંગ્રેસને મત મળ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે રીતે સરકારી કર્મચારીઓની ઓલ્ડ પેન્શન યોજના, શહીદની વિવિધ પડતર માંગણીઓને લઈ ગુજરાતભરમાં સરકાર વિરૂદ્ધ જે આંદોલનો થયા. અને તેમાંય સરકારી કર્મચારીઓની નારાજગી તેમજ ભાજપ સરકાર સામેનો રોષ આ ચૂંટણીમાં જોવા મળ્યો હતો. જેના પગલે સરકારી કર્મચારીઓએ ભાજપ અને કોંગ્રેસને જાકારો આપી પોસ્ટલ બેલેટ માં આમ આદમી પાર્ટીને વોટ કર્યો હતો.

# લીમખેડા BRC ભવન ખાતે એડિપ્સ યોજના અંતર્ગત દિવ્યાંગના અનુસાર સાધનોનું વિતરણ કરાયું



લીમખેડા,

બીઆરસી ભવન લીમખેડા ખાતે દાહોદ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર મયુર પારેખના માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા અંતર્ગત એડિપ્સ યોજના હેઠળ OH, HI, CP, VI કેટેગરીમાં દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓના સાધન સહાય માટેનો એસેસમેન્ટ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં લીમખેડા, સિંગવડ તથા દેવગઢ બારિયા એમ કુલ ત્રણ તાલુકાના ૧૧૨ વિદ્યાર્થીઓ અસેસમેન્ટ માટે હાજર રહ્યા હતા અને તેઓને આગામી સમયમાં એડિપ્સ યોજના હેઠળ દિવ્યાંગતા અનુસાર સાધન સહાય આપવામાં આવશે.

# દાહોદના ચંદવાણા ગામે નજીવા ઝગડામાં મારામારી કરતાં બે વ્યકિતને ગંભીર ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના ચંદવાણા ગામે ગામતળ ફળીયામાં નજીવા કારણોસર થયેલ ઝગડામાં લાકડીનો મારમારી એક મહિલા સહિત બે જણાને ગંભીર ઈજાઓ થયાનું તથા જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર ચંદવાણા ગામના ગામતળ ફળિયામાં રહેતા કુશળસિંહ ખુમાનસિંહ શેર, રમીલાબેન કુશળસિંહ ખુમાન સિંહ શેર તથા લવીન્દ્ર ઉર્ફે બોડાભાઈ કમણસિંહ શેર એમ ત્રણે જણા ગતરોજ બપોરે સવા ત્રણ વાગ્યાના સુમારે તેમના ગામના બાબુભાઈ ઉર્ફે ગણપતસિંહની દુાન પર આવી તું કેમ ડોફાઈ કરે છે તું ગામનો દાદા છે તેમ કહી બાબુભાઈને બેફામ ગાળો બોલી કુશળસિંહ ખુમાનસિંહ શેરે તેના હાથમાંની લાકડી બાબુભાઈને શરીરે, હાથે પગે તેમજ છાતી તથા માથાના ભાગે મારી ઈજા કરી હતી તે વખતે શાંતાબેન દોડી આવ્યા હતા અને બાબુભાઈને છોડાવવા માટે વચ્ચે પડતાં રમીલાબેન કુશળસિંહ શેરે શાંતાબેનને શરીરે ગડદાપાટુનો મારમારી તેમજ હાથમાં પથ્થર પકડી બાબુભાઈને કપાળના ભાગે મારી તથા શાંતાબેનને માથાના ભાગે મારી લોહીલુહાણ કરી તેમજ બાબુભાઈને ડાબા પગે ફ્રેકચર કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

આ સંબંધે ચંદવાણા ગામનાગામતળ ફળિયામાં રહેતા ગંભીર ઈજાગ્રસ્ત બાબુભાઈના દીકરા નરેન્દ્રસિંહ બાબુભાઈ ઉર્ફે ગણપતસિંહ બામણે નોંધાવેલ ફરિયાદને આધારે કતવારા પોલિસે ઈપીકો કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા બીપી એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુર તાલુકાના નવા નગર ગામે લાકડી થી મારમારી ગંભીર ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપી

ધાનપુર,

પ્રાપ્ત વિગત અનુસાર નવા નગર ગામમાં ડોબણ ફળિયામાં રહેતા ગલુભાઈ ધુળાભાઈ ભુરીયા તથા અન્ય ઈસમો તેમના ઘરે બેઠા હતા. તે વખતે તેમના જ ફળિયામાં રહેતા ગોરધનભાઈ ખાતીયાભાઈ ભુરીયા તથા રમેશભાઈ ખીમલાભાઈ ભુરીયા હાથમાં લાકડીઓ લઈ ગાળો બોલતા બોલતા આવી તમો અહીંયા ભેગા મળીને કેમ બેઠા છો ? આજે તો તમોને છોડવાના નથી તેમ કહી ધુળાભાઈ મગનભાઈ ભુરીયાને શરીરે તેમજ ડાબા હાથ પર લાકડીના ફટકા મારી ડાબા હાથે ફ્રેક્ચર કરી તેમજ શરીરે નાની મોટી ઈજાઓ કરી તથા જાનથી મારી નાંખળાની ધાકધમકીઓ આપી હતી. આ સંબંધે નવાનગર ગામના ડોબણ ફળિયામાં રહેતા ગલુભાઈ ધુળાભાઈ ભુરીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે નવાનગર ગામના ડોબણ ફળિયામાં રહેતા ગોરધનભાઈ ખાતીયાભાઈ ભુરીયા તથા રમેશભાઈ ખીમલાભાઈ ભુરીયા ધાનપુર પોલિસે ઈપિકો કલમ ૩૨૩, ૩૨૫, ૩૨૪, ૩૨૫, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ પરેલ સાત બંગલા પાછળ રેલ્વે લાઈન ક્રોસ કરતાં વ્યકિતનું મોત

દાહોદ,

દાહોદ પરેલ સાત બંગલા પાછળ ગતરોજ સવારે રેલ્વે લાઈન ક્રોસ કરવા ગયેલ અજાણ્યા ઈસમનું અકસ્માતે ટ્રેનની અડફેટમાં આવી જતાં ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર એક અજાણ્યો ઈસમ ગઈકાલે સવારે દશેક વાગ્યાના સુમારે દાહોદ પરેલ, સાત બંગલા પાછળ રેલ્વે લાઈન ક્રોસ કરવા જતાં અચાનક આવેલ ટ્રેનની અડફેટે આવી જતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ દાહોદ રેલ્વે પોલિસ તાબડતોબ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણ જનારની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પી.એમ.માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી આ મામલે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા આત્મહત્યાના બે બનાવોમાં એક મહિલા સહિત બે જણાએ ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવ્યું

દાહોદ,

પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ જિલ્લામાં આત્મહત્યાના બનેલા બે બનવો પૈકીનો એક બનાવ ગરબાડા તાલુકાના બોરીયાલા ગામે દિવાનીયા વાડ ફળિયામાં રાત્રીના સમયે બનવા પામ્યો હતો. જેમાં બોરીયાળા ગામના દિવાનીયા વાડ ફળિયામાં રહેતા ૩૨ વર્ષીય મેગજીભાઈ મનુભાઈ ડામોરે કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં આવેલ ઢાળીયામાં લોખંડની એંગલ પર નાયલોનની દોરી બાંધી નાયલોનની દોરી વડે ફાંસો ખાઈ જીવતર ટુંકાવ્યું હતું. આ સંબંધે બોરીયાળાના દિવાનીયા ફળિયાના મરણજનાર મેગજીભાઈ ડામોરના પિતા ૫૫ વર્ષીય મનુભાઈ નાનજીભાઈ ડામોરે ગરબાડા પોલિસને જાણ કરતાં ગરબાડા પોલિસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણજનાર મેગજીભાઈ ડામોરની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામુ કરી પોસ્ટમોર્ટમ માટે લાશને ગરબાડા સરકારી દવાખાને મોકલી આપી આ મામલે સી.આર.પી.સી ૧૭૪ મુજબના અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

જ્યારે દાહોદ જિલ્લામાં આત્મહત્યાનો બીજો બનાવ લીમખેડા તાલુકાના વડેલા ગામે સવારના અગ્યાર વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં વડેલા ગામે ટાંકી ફળિયામાં રહેતી ૩૪ વર્ષીય લીલાબેન કલ્યાણભાઈ ભુદરભાઈ પટેલે કોઈ અગમ્ય કારણોસર પોતાની જાતે પોતાના ઘરના છેલ્લા રૂમમાં લાકડાના સરા સાથે સાડી બાંધી સાડી વડે ગળે ફાંસો ખાઈ જીવતર ટુંકાવી લીધું હતું. આ સબંધે વડેલા ગામના ટાંકી ફળિયામાં રહેતા કાળુભાઈ મથુરભાઈ પટેલે લીમખેડા પોલિસ સ્ટેશને લેખીત જાણ કરતાં લીમખેડા પોલિસે તાબડતોબ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને મરણજનાર લીલાબેન પટેલની લાશનો કબજો લઈ લાશને મોર્ટમોટમ માટે લીમખેડા સરકારી દવાખાને મોકલી આપી પોલિસે આ મામલે સી.આર.પી.સી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો તૈયાર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સોનિયા ગાંધીના જન્મદિવસે પીએમ મોદી સહિત અનેક નેતાઓએ સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી



જયપુર,

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી તેમનો ૭૬મો જન્મદિવસ રાજસ્થાનના રણથંભોરમાં ઉજવી છે.તે ચાર દિવસના પ્રવાસે રાજસ્થાન આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે સોનિયા ગાંધી પણ ભારત જોડો યાત્રામાં ભાગ લેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. તેમણે ટ્વીટ કરીને લખ્યું કે 'શ્રીમતી સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છાઓ. તેમના જન્મદિવસ પર તેમને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ પણ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. નીતિન ગડકરીએ ટ્વિટર પર સોનિયા ગાંધીને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી અને તેમના સારા સ્વાસ્થ્યની કામના કરી હતી. આ સિવાય કોંગ્રેસના ઘણા નેતાઓએ પણ સોનિયા ગાંધીને તેમના ૭૬માં જન્મદિવસ પર અભિનંદન સંદેશો આપ્યા હતા.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. ટ્વીટર પર સોનિયાને અભિનંદન આપતા ખડગેએ લખ્યું કે તેમની દયા, સમર્પણ અને ગરિમાએ લાખો લોકોને પ્રેરણા આપી છે. તેમને લાંબા અને સ્વસ્થ જીવનની શુભેચ્છા પાઠવી હતી. ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ શ્રીનિવાસ બીવીએ ટ્વીટ કર્યું, "દેશના નામે સર્વસ્વ બલિદાન આપનાર, હંમેશા બલિદાન અને સમર્પણનું ઉદાહરણ બેસાડનારા આવા નેતાઓ ભારતીય રાજકારણમાં બહુ ઓછા છે. હિંમત અને સમર્પણનો પર્યાય, અમારા નેતા શ્રીમતી સોનિયા ગાંધીને જન્મદિવસની શુભકામનાઓ. આ સિવાય કોંગ્રેસ પ્રવક્તા પવન ખેરાએ પણ સોનિયા ગાંધીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.

સોનિયા ગાંધી તેમના જન્મદિવસના એક દિવસ પહેલા ગુરુવારે રાજસ્થાનના સવાઈ માધોપુર પહોંચ્યા હતા. અહીં પહોંચ્યા બાદ સોનિયા ગાંધીએ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે સવાઈ માધોપુરના રણથંભોર સ્થિત જોગી મહેલની યાત્રા પણ કરી હતી. ગાંધી પરિવારે આ દરમિયાન રણથંભોર ટાઈગર સફારીનો પણ આનંદ માણ્યો હતો.ગાંધી પરિવાર રણથંભોર ટાઈગર રિઝર્વ પાસે આવેલા વૈભવી રિસોર્ટ સુજાન શેર બાગમાં રહે છે. જેના માલિક અંજલિ અને જેસલ સિંહ છે, જેઓ ગાંધી પરિવારના મિત્રો છે. ખાસ વાત એ છે કે પ્રિયંકા ગાંધીએ અંજલિ અને જેસલ સિંહ સાથે મળીને 'રણથંભોર: ધ ટાઈગર્સ રિયલમ' પુસ્તકની સહલેખક છે.

જયપુરથી સોનિયા ગાંધી ગુરુવારે હેલિકોપ્ટર દ્વારા સવાઈ માધોપુર પહોંચ્યા હતા. થોડા કલાકો બાદ રાહુલ અને પ્રિયંકા પણ તેમની માતા પાસે આવેલા રિસોર્ટમાં પહોંચી ગયા હતા. સૂત્રોએ જણાવ્યું કે સોનિયા ગાંધીની સાથે પ્રિયંકા પણ ૧૦ ડિસેમ્બરના રોજ ભારત જોડો યાત્રામાં ભાગ લેશે, જે મહિલા સહભાગીઓ માટે આરક્ષિત દિવસ છે.

# નવા મંત્રી મંડળમાં સ્થાન મેળવવા સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૪ મજબૂત દાવેદારો મેદાનમાં

અમદાવાદ,

જયેશ રાદડીયા, ડો.દર્શીતા શાહ, મુળુભાઈ બેરા, કિરીટસિંહ રાણા, જીતુભાઈ વાઘાણી, પ્રકાશ વરમોરા, પુરૂષોત્તમ સોલંકી, ડો.મહેન્દ્ર પાટલિયા, સંજય કોરડિયા, શંભુ પ્રસાદ ટુંડિયા, પ્રદ્યુમનસિંહ જાડેજા, રાઘવજીભાઈ પટેલ, મહેશ કસવાલ અને ભગાભાઈ બારડના નામો ચર્ચામાં આગામી સોમવારે નવી સરકારની શપથવિધી યોજાવાની છે. નવા મંત્રી મંડળમાં સ્થાન મેળવવા માટે સૌરાષ્ટ્ર-કચ્છમાં ભાજપના પ્રતિક પરથી જીતેલા ૧૪ નેતાઓને મજબૂત દાવેદારો માનવામાં આવી રહ્યાં છે. સૌરાષ્ટ્રને ૭ થી ૮ મંત્રીઓ આપવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. જે પૈકી બે મંત્રીઓને કેબિનેટનો દરજ્જો અપાશે. જ્યારે પાંચ મંત્રીઓને રાજ્યકક્ષાના મંત્રીઓ બનાવવામાં આવે તેવી શક્યતા જણાય રહી છે.

૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણીમાં સૌરાષ્ટ્રમાં માત્ર ૨૩ બેઠકો મળી હોવા છતા મુખ્યમંત્રી સહિત અનેક મંત્રીઓ સૌરાષ્ટ્રના હતા આ વખતે સૌરાષ્ટ્ર-કચ્છમાં ભાજપને પ્રચંડ જનાદેશ મળ્યો છે. મંત્રી મંડળમાં પણ હવે સૌરાષ્ટ્રનું વર્ચસ્વ જોવા મળશે. જેતપુર-જામ કંડોરણા બેઠક પરથી સતત જીતી રહેલા કદાવર ખેડૂત નેતા જયેશભાઈ રાદડીયાનો ફરી મંત્રી મંડળમાં સમાવેશ કરવામાં આવે તેવું લાગી રહ્યું છે. વર્ષોથી ગુજરાત સરકારમાં મંત્રી મંડળમાં રાજકોટ શહેરને સ્થાન મળતું રહ્યું છે. આ વખતે પણ ભાજપ શહેરની ચારેય બેઠકો જીત્યું છે. સૌથી વધુ લીડ સાથે રાજકોટ પશ્ચિમ બેઠક પરથી ડો.દર્શિતાબેન શાહ વિજેતા બન્યા છે. રાજકોટ શહેરને મંત્રી પદ આપવામાં આવશે તો તેઓનું નામ હાલ સૌથી વધુ હોટ ફેવરિટ માનવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લામાંથી ડો.મહેન્દ્રભાઈ પાડલિયા અને કુંવરજીભાઈ બાવળીયાનું નામ પણ ચર્ચાય રહ્યું છે પણ તેઓને મંત્રી પદ મળવાની સંભાવના નહિવત છે.

આ ઉપરાંત નવી સરકારમાં કિરીટસિંહ રાણા, જીતુભાઈ વાઘાણી અને રાઘવજીભાઈ પટેલને ફરી મંત્રી બનાવવામાં આવે તેવી સંભાવના હાલ જણાય રહી છે. આ ત્રણેય સિનિયર નેતાઓ પૈકી કોઈપણ બે ને કેબિનેટ મંત્રી ભાજપ બનાવી શકે છે. રાજ્ય સરકારમાં અગાઉ મંત્રી રહી ચૂકેલા મુળુભાઈ બેરા પણ નવી સરકારનો ચહેરો બની શકે છે. મોરબી જિલ્લામાંથી પ્રકાશભાઈ વરમોરાને મંત્રી પદની લોટરી લાગી શકે છે. ભાવનગર ગ્રામ્યમાંથી વિજેતા બનેલા કોળી સમાજના કદાવર નેતા પુરૂષોત્તમભાઈ સોલંકીનું મંત્રી મંડળમાં સ્થાન નિશ્ર્ચિત માનવામાં આવી રહ્યું છે. જો કોઈ કારણોસર તેઓને મંત્રી મંડળમાં ન લઈ શકાય તે તેમના ભાઈ હિરાભાઈ સોલંકીને મંત્રીપદ આપવામાં આવશે. તે નિશ્ર્ચિત છે. જૂનાગઢ શહેરને વર્ષોથી રાજ્ય સરકારમાં મંત્રીપદ મળ્યું નથી. આવામાં સંજયભાઈ કોરડીયાનું નામ પણ ચર્ચાય રહ્યું છે. બોટાદ જિલ્લાની ગઢડા બેઠક પરથી વિજેતા બનેલા શંભુપ્રસાદ ટુંડિયાને મંત્રી બનાવવામાં આવે તેવી સંભાવના જણાય રહી છે. અમરેલી જિલ્લાની સાવરકુંડલા બેઠક પરથી જીતેલા મહેશ કસવાલાને પણ મંત્રી મંડળમાં સ્થાન આપવામાં આવે તેવું લાગી રહ્યું છે. જયારે વિધાનસભાની ચૂંટણી જાહેર થયા બાદ કોંગ્રેસનો સાથ છોડી ભાજપમાં ભળેલા અને તાલાલા વિધાનસભા બેઠક પરથી જીતેલા ભગાભાઈ બારડ પણ નવા મંત્રી મંડળનો ચહેરો બની શકે છે.

વિધાનસભાની કુલ બેઠકના ૧૫ ટકા સુધી મંત્રી મંડળ બનાવી શકાય છે. ગુજરાતમાં વિધાનસભાની કુલ ૧૮૨ બેઠકો છે. મુખ્યમંત્રી સહિત કુલ ૨૭ મંત્રીઓને સ્થાન આપી શકાય તેમ છે. આ વખતે ચારેય ઝોનમાંથી ભાજપને પ્રચંડ જનાદેશ મળ્યો છે. આવામાં તમામ ઝોનને ન્યાય આપવો પડશે. જો કે જે ધારાસભ્ય મંત્રી બનવા માટેની તમામ લાયકાતો ધરાવતા હોય છતાં કોઈ કારણોસર તેઓનો મંત્રી મંડળમાં સમાવેશ કરી શકાય તેમ ન હોય તેઓને સંસદીય સચિવ બનાવી દેવામાં આવે તેવી શક્યતા પણ નકારી શકાતી નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.93

તા.૧૦/૧૨/૨૦૨૨
શનિવાર

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# શહેરા માર્કેટીંગયાર્ડ પાસે એક મહિનાથી પાણીની લાઈન લીકેજ થતાં હજારો લીટર પાણીનો વેડફાટ

શહેરા,
શહેરા માર્કેટીંગ યાર્ડ પાસે પાછલા એક મહિનાથી પાણીની લાઈન લીકેજ હોવાથી હજારો લિટર પાણીનો વેડફાટ થવા સાથે હાઈવે માર્ગ ઉપર કાદવ-કીચડ થઈ જતા વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહયો છે. પાનમના પીવાના પાણીની લાઈનનું લીકેજની કામગીરી યોગ્ય રીતે નહી થતા છાશવારે લીકેજ થતા તંત્ર સામે અનેક સવાલો પણ ઉઠી રહયા છે.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

પાનમના પીવાના પાણીની લાઈન પાનમ જળાશય થી ગોધરા સુધી એટલે અંદાજિત ૪૦ કિ.મી સુધી લાબી છે. આ પાનમની પીવાના પાણીની લાઈન શહેરા નગર અને ગોધરાની પંચામૃત ડેરી સાથે પર જેટલા ગામોને બારે માસ પીવા માટે પાણી પુરૂ પાડે છે. પાછલા કેટલાક મહિનાઓ થી અનેક જગ્યાએ પાનમની પીવાના પાણીની લાઈન લીકેજ હોવાના કારણે પાણીનો વેડફાટ થતો અટકી શક્યો નથી. હાલમાં શહેરા લુણાવાડા હાઈવે માર્ગ ઉપર માર્કેટીંગયાર્ડ પાસે વાહનોથી સતત ધમધમતો હાઈવે માર્ગ ઉપર પાનમની પાણીની લાઈન લીકેજ હોવાથી થોડા દિવસો પહેલા આ લીકેજ પાણીની લાઈનની મરામત કરવામાં આવ્યા બાદ ફરીથી અહી પીવાના પાણીની લાઈન લીકેજ થતા હજારો લિટર પાણીનો વેડફાટ પાછલા ચાર દિવસથી થઈ રહ્યો છે. એક તરફ પાનમના પીવાના પાણીની લાઈન માંથી ચોખ્ખું પાણીનો વેડફાટ થતો જોવા મળી રહ્યો હોય ત્યારે બીજી તરફ શહેરા નગર વિસ્તારના નગરજનોને પીવાનું પાણી અનિયમિત મળતા પાણી માટે આમતેમ ભટકવું પડતું હોય છે. આ હાઈવે માર્ગ દિલ્હી-બોમ્બને જોડતો હોવાથી રાત્રી અને દિવસ દરમિયાન એક હજાર કરતાં વધુ વાહનો પસાર થતા હોય છે. હાઈવે માર્ગ ઉપર કાદવ કીચડ જોવા મળતા કોઈ મોટી ઘટના અહી બને તે પહેલા સબંધિત તંત્ર આ બાબતે ગંભીરતા લેવી જોઈએ તે અત્યંત જરૂરી છે. અહી કોઈ સૂચક બોર્ડ પણ મૂકવામાં આવેલ નથી. પાણી પુરવઠા વિભાગ લીકેજ પાણીની લાઈન ની મરામત તાત્કાલિક કરવામાં આવે જેથી પાણીનો વેડફાટ થતો અટકી શકે તેમ છે.

## હાઈવે માર્ગ ઉપર કાદવ-કીચડ થતાં અક્સ્માતનો ભય.

પાનમ જળાશયમાં પાણીનો જથ્થો અંદાજિત ૪૪%ની આસપાસ હોવાથી ખેડૂતોને સિંચાઈ માટે અપાતું પાણી પણ પાનમ સિંચાઈ વિભાગ દ્વારા બંધ કરવામાં આવ્યું હતું. જ્યારે પીવાના પાણીની લાઈન માર્કેટીંગયાર્ડ પાસે તેમજ અનેક જગ્યાએ પાણીની લાઈન લીકેજ હોવાથી તેમાંથી પાણીનો વેડફાટ થતો જોવા મળતા ત્યાંથી પસાર થતા લોકોમાં સબંધિત તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો હતો. પાણી બચાવો.... જળ એ જીવન તેવા સૂત્રો કચેરીના ભીંત પર લખેલા જોવા મળતા હોય ત્યારે સબંધિત તંત્રના સરકારી બાબુઓ આ સૂત્રને સાર્થક થાય તે માટે પોતાની નૈતિક ફરજ બજાવે તે પણ જરૂરી છે.

# શહેરા જમીનનો ભાવ વધતાં બિનખેડુતોએ ખેતીની જમીન ખરીદી કર્યાની ચર્ચા

શહેરા,
શહેરામાં જમીનોના ભાવ આસમાને પહોંચતા અમુક બિન ખેડૂત હોવા છતાં ખેતીની જમીન વસાવી હોવાનું ચર્ચાઈ રહયું છે. ત્યારે મામલતદાર સહિતના સબંધિત તંત્ર દ્વારા આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરીને બિનખેડૂત હોવા છતાં ખેતીની જમીન વસાવી હોય તેવા બોગસ ખેડૂતોને શોધી કાઢીને કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી.

શહેરામાં વધતી જતી મોંઘવારી વચ્ચે જમીનોના ભાવ પણ હવે લાખ્ખો અને કરોડો રૂપિયામાં બોલાઈ રહયા છે. તાલુકાના વિસ્તારમાં ઘણા બધા લોકો ખેતી લાયક જગ્યા વધુ ખરીદી કરતા જોવા મળી રહયા હતા. નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં અમુક બિનખેડૂત હોવા છતાં ખેતીની જમીન ખેડૂત બનીને વસાવી હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે. ત્યારે મામલતદાર કચેરી સહિત અન્ય સંબંધિત તંત્ર દ્વારા ખેતીની જમીન વસાવી હોય તેવા બોગસ ખેડૂતોને શોધી કાઢીને દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી હતી. હાલની પરિસ્થિતિમાં અનેક લોકો ખેતીની જમીન ખરીદી કરવાનું વધુ પસંદ કરતા હોય ત્યારે સ્થાનિક અને જિલ્લાના પ્રશાસન દ્વારા ઉપરોક્ત બાબતને ગંભીરતાથી લેવામાં આવે તે પણ જરૂરી બન્યુ છે. જે રીતે બિનખેડૂત એ ખેતીની જમીન વસાવી હોય ભલે હાલ ચર્ચાનો મુદ્દો લોકોમાં બન્યો હોય પણ જો સંબંધિત તંત્ર આ બાબતે ઊંડાણપૂર્વક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવેતો અમુક બોગસ ખેડૂતોના નામ બહાર આવે તેવી શક્યતા જોવા મળી રહી છે.

## શહેરા તાલુકાના ખાંડા (ડેમલી) ગામે ચાર ઈસમોએ દુધ મંડળી પર કેમ ઝગડા કરાવે છે તેમ કહી ત્રણ વાહનોની તોડફોડ કરી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ

શહેરા,
શહેરા તાલુકાના ખાંડા (ડેમલી) ગામે ફરિયાદીના ઘર આગળ આવી માં-બેન ગાળો આપી દુધ મંડળી ઉપર કેમ ઝગડો કરાવે છે. તેને છોડવાનો નથી તેમ કહી વેગનાર ગાડી તથા બે બાઈકની તોડફોડ કરી નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના ખાંડા (ડેમલી) ગામે રહેતા નિલેશકુમાર કાળુભાઈ પગીના ઘરે આરોપી જયદીપસિંહ નટવરસિંહ બારીયા આવીને માં-બેનની ગાળો આપી કાળુભાઈ અને દુધ મંડળી ઉપર કેમ ઝગડો કરાવે છે. તેને છોડવાનો નથી તેમ કહી જયદીપસિંહ બારીયા, રાજેશભાઈ બારીયા, નિતેશભાઈ બારીયા, રાકેશભાઈ બારીયા એ ભેગા મળી ઘર આગળ મુકી રાખેલ વેગનાર ગાડી અને બે બાઈકોની તોડફોડ કરી નુકશાન કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના નંદાપુરા ગામે અતુલ લોડીંગ ટેમ્પાને ગેસ કન્ટેનરે પાછળ થી ટક્કર મારી પલ્ટી ખવડાવી દેતાં ચાલકનું મોત

ગોધરા,
ગોધરા તાલુકાના નંદાપુરા ગામની સીમમાં રીક્ષા છકડો લઈને ગોધરા તરફ આવતાં હોય દરમિયાન ગેસ કન્ટેનર ચાલકે છકડાને પાછળ થી અથડાવી છકડાને પલ્ટી ખવડાવી ચાલકને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના નંદાપુરા ગામની સીમમાં લોડીંગ અતુલ છકડો નં.જીજે.૦૭. વીવી.૨૮૧૦ના ચાલક અશોકભાઈ કિશનભાઈ દંતાણી પોતાની પત્ની સાથે આવી રહ્યો હતો. દરમિયાન એચ.પી. ગેસ કન્ટેનર ચાલકે પાછળ થી ટક્કર મારી લોડીંગ ટેમ્પાને પલ્ટી ખવડાવી દેતાં ચાલક અશોકભાઈ દંતાણીને ગંભીર ઈજાઓ થતાં ઘટના સ્થળે મોત નિપજાવી રેખાબેનને ઈજાઓ પહોંચાડી વાહન લઈ નાશી જઈ ગુન્હો કરતાં આ બાબતે ગોધરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

## કાલોલના નાંદરવા ગામે કત્તલના ઈરાદે ગોંધી રાખેલ બે બળદ સાથે ઈસમને ઝડપ્યો

કાલોલ,
કાલોલ તાલુકાના નાંદરખા ગામે રાઠવા ફળીયા નજીક નીલગરીના જંગલમાં કત્તલના ઈરાદે દોરડા થી બાંધીને ગોંધી રાખવામાં આવેલ બે બળદો સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના નાંદરખા ગામે રાઠવા ફળીયા નજીક નીલગીરીના જંગલમાં બે આરોપીઓ ભેગા મળી કત્તલના પશુઓ ગોંધી રાખ્યા છે. તેવી બાતમીના આધારે વેજલપુર પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બે બળદ કિંમત ૨૦,૦૦૦/-રૂપીયા, મોબાઈલ ફોન મળી કિંમત ૨૦,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે વિજયસિંહ લક્ષ્મણસિંહ જાદવને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામ્યા છે.

## શહેરાના મીરાપુર ગામના બે ઈસમે ભાજપ પક્ષ તરફથી ઈંગ્લીશ દારૂ મળેલ છે તેમ કહી બીજેપી ઉમેદવારના ચારિત્ર્ય હનન કરતાં ફરિયાદ

શહેરા,
શહેરા તાલુકાના મીરાપુર જુના ગામે રહેતા ઈસમે ચુંટણી સમયે બીજેપી તરફથી ઈંગલીશ દારૂની બોટલો આપતી હોવાનું કથન કરી ઉમેદવારના ચારિત્ર્યને હાનિ પહોંચાડી ગુનો કર્યાની ફરિયાદ શહેરા પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના મીરાપુર જુના ગામે રહેતા દાજીભાઈ મંગળભાઈ બારીયાએ ચુંટણી સમયે ભાજપ તરફ થી ઈંગલીશ દારૂ જેવી બોટલો આપી હોવાનું ખોટું કથન કરી ભાજપના ઉમેદવારના ચારિત્ર્યની હાનિ પહોંચાડતા આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના જામ્બુડી ગામે તુવેરના ખેતર માંથી ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

હાલોલ,
હાલોલ તાલુકાના જામ્બુડી ગામે કોતર ફળીયામાં અજાણ્યા યુવાન વર્ષ ૩૫નું અગમ્યકારણોસર તુવેરના ખેતર માંથી મૃત હાલતમાં મળી આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના જામ્બુડી ગામે કોતર ફળીયા પાસે કરશનભાઈ રાઠવાના તુવેરના ખેતર માંથી ૩૫ વર્ષીય અજાણ્યા યુવાનને અગમ્યકારણોસર મરણ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના ડોડપા ફળીયામાં વરલી મટકાના જુગાર રમાડતા ઈસમને ઝડપ્યા

ગોધરા,
ગોધરાના ડોડપા ફળીયામાં આવેલ તળાવ ફળીયામાં જાહેરમાં વરલી મટકાના જુગાર રમાડતા હોય તે સ્થળે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેરના ડોડપા ફળીયામાં આવેલ તળાવ ફળીયામાં જાહેરમાં વરલી મટકાનો જુગાર રમી અને રમાડતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી દેવેન્દ્ર સુંદરભાઈ પરમારને આંકડા લખવાના મુદ્દામાલ તેમજ ૪૩૦/-રૂપીયા રોકડા સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગુજરાત ચૂંટણીમાં પક્ષપલટો કરનાર નેતાઓમાં કેટલાક હાર્યા તો કેટલાક જીત્યા

અમદાવાદ,
ગુજરાત વિધાનસભાની ચૂંટણી હોય કે પછી લોકસભાની ચૂંટણી હોય દરેક ચૂંટણીમાં પક્ષપલટાની મોસમ પૂરબહારમાં ખીલતી જ હોય છે. ૨૦૨૨ની ચૂંટણી જાહેર થયા પહેલાં અને જાહેર થયા પછી પક્ષપલટાનો દોર શરૂ થઈ હતો અને અનેક નેતાઓએ પાટલી બદલી બીજા પક્ષમાં એન્ટ્રી મેળવી હતી. દર વખતની જેમ આ વખતે પણ કોંગ્રેસમાંથી ભાજપમાં ભળી જવાનો સિલસિલો યથાવત રહ્યો હતો. બીજી બાજુ કોંગ્રેસમાંથી ભાજપમાં ભળેલા તેમજ મુળ કોંગ્રેસી એવા નેતાઓને ભાજપે આ વખતે ટિકિટ પણ આપી હતી. જેમાંથી સાત બેઠક એવી છે જ્યાં પક્ષપલટો કરીને ભાજપમાં ભળેલા નેતાઓ જીત્યા છે તો બે બેઠક પર પક્ષપલટુનો પરાજય થવા પામ્યો છે.

અબડાસા બેઠક પર પ્રદ્યુમનસિંહ જાડેજા, ગાંધીનગર દક્ષિણ બેઠક પર અલ્પેશ ઠાકોર, વીરમગામમાં હાર્દિક પટેલ, જસદણમાં કુંવરજી બાવળિયા, તાલાળામાં ભગાભાઈ બારડ, ગોધરામાં સી.કે.રાઉલજી, કપરાડામાં જીતુ ચૌધરી, વિસાવદરમાં હર્ષદ રિબડીયા 'આપ' સામે પરાસ્ત થયા છે.

# કુલ ૧૩૫માંથી ૪૫ પાટીદાર ઉમેદવારો જીત્યા, ૯૦ પાટીદાર ઉમેદવારો હાર્યા, ભાજપના ૪૦-કોંગ્રેસના ૩-આપના ૨ ઉમેદવારોની જીત

અમદાવાદ,
ચૂંટણીના પરિણામોમાં પાટીદારોનું પ્રભુત્વ સામે આવ્યું. ૪૫ બેઠકો પર પાટીદાર ઉમેદવારો જીત્યા છે. અત્યાર સુધીની તમામ ચૂંટણીઓમાં પ્રથમવાર ભાજપમાંથી એકીસાથે ૪૦ પાટીદાર ધારાસભ્યો ચૂંટાઈ આવ્યાં. ભાજપે ૪૬ ધારાસભ્યોને ચૂંટણી મેદાને ઉતાર્યા હતા. જેપૈકી ૬ ઉમેદવારોને બાદ કરતા ૪૧૦ઉમેદવારો જીત્યા છે. કોંગ્રેસની વાત કરીએ તો. કોંગ્રેસના ૩ પાટીદાર ઉમેદવારો ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યાં છે. જ્યારે આમ આદમી પાર્ટીના ૨ પાટીદાર ઉમેદવારો વિજયી બન્યાં છે. રાજ્યની ૨૫ બેઠકો એવી હતી, જેમાં ભાજપ-કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ પાટીદાર ઉમેદવારોને ટિકિટ આપી હતી. વિધાનસભા ચૂંટણીમાં પાટીદારોનું પ્રભુત્વ રહ્યું છે ભાજપના ૪૦ પાટીદાર ઉમેદવારો વિજયી થયા,ભાજપે ૪૬ પાટીદારોને આપી હતી ટિકિટ,કોંગ્રેસના ૩ પાટીદાર ઉમેદવારોની જીત,આપના ૨ પાટીદાર ઉમેદવારો વિજયી થયા છે ૨૫ બેઠકો પર હતી પાટીદારો વચ્ચે સીધી ટક્કર હતી

આ વખતે ભાજપ, કોંગ્રેસ અને આપના મળીને ૧૩૫ પાટીદાર ઉમેદવારો ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, જેમાંથી માત્ર ૪૫ પાટીદારની જીત થઈ છે. પક્ષ પ્રમાણે જોઈએ તો ભાજપના ૪૬ પાટીદાર ઉમેદવારોમાંથી ૪૦ જીત્યા છે, જ્યારે કોંગ્રેસના ૩૮ પાટીદારમાંથી માત્ર ૩ પાટીદાર ઉમેદવારોની જીત થઈ છે. AAPએ સૌથી વધારે પાટીદાર ઉમેદવારોને ટિકિટ આપી હતી. AAPના ૫૧ પાટીદાર ઉમેદવારોમાંથી માત્ર બે જ ઉમેદવારોની જીત થઈ છે. એટલે ભાજપ-કોંગ્રેસ અને આપ ત્રણેય પક્ષના ૧૩૫માંથી ૯૦ પાટીદાર ઉમેદવારો હારી ગયા છે. આવી જ રીતે ગુજરાતની ચૂંટણીમાં આદિવાસી મતો પણ નિર્ણાયક સાબિત થતા હોય છે. અને, આ વખતની ચૂંટણીમાં પણ આદિવાસી મતબેંક નિર્ણાયક સાબિત થઈ છે. ગુજરાતમાં આદિવાસીઓ માટે આરક્ષિત ૨૭ બેઠકો છે. આ ૨૭ સીટ પર ભાજપ-કોંગ્રેસ અને અપક્ષ પાર્ટીના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. ભાજપ-કોંગ્રેસ-આપ એમ ત્રણેય પક્ષોના મળીને ૮૧ આદિવાસી ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા. જેમાંથી ભાજપના ૨૭માંથી ૨૩ આદિવાસી ઉમેદવારોની જીત થઈ છે. ભાજપના ૦૪ આદિવાસી ઉમેદવારો હાર્યા છે. કોંગ્રેસના ૨૪ આદિવાસી ઉમેદવારો હાર્યા છે. અને, કોંગ્રેસના ૦૩ આદિવાસી ઉમેદવારો જીત્યા છે. અને આમ આદમી પાર્ટીના ૨૭માંથી માત્ર એક ઉમેદવાર જ વિજયી બન્યા છે. બાકીના આપ પક્ષના ૨૬ આદિવાસી ઉમેદવારો હાર્યા છે. નોંધનીય છેકે કોંગ્રેસનું હંમેશા ૧૫ આદિવાસી બેઠકો પર પ્રભુત્વ રહ્યું છે. જેમાંથી હવે માત્ર ૦૩ જ આદિવાસી બેઠકો કોંગ્રેસ પાસે અકબંધ રહી છે.

# ગુજરાત વિધાનસભામાં મહિલાઓનો દબદબો! ભાજપની ૧૪ મહિલા ઉમેદવારોની જીત, આપની એક પણ નહીં

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પરિણામ આવી ચૂક્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં મહિલાઓનો દબદબો જોવા મળ્યો છે. આ વખતે કુલ ૧૩૮ મહિલાઓએ ઝંપલાવ્યું હતું. ગુજરાત ચૂંટણીમાં ભાજપની ૧૪ મહિલા ઉમેદવારની જીત છે. જેમાંથી ભાજપની ૧૭ મહિલા ઉમેદવારો, કોંગ્રેસના ૧૪ મહિલા ઉમેદવારો અને આપની માત્ર ૬ ઉમેદવારો હતા. જ્યારે અપક્ષમાંથી ૧૦૨ મહિલાઓ પણ ચૂંટણી જંગમાં હતા. પરંતુ મહત્વપૂર્ણ વાત એ છે કે પરિણામમાં મુખ્ય ત્રણ પક્ષની માત્ર ૧૫ મહિલાઓનો વિજય થયો છે.

રાજકોટ પશ્ચિમ બેઠક પરથી ડૉ.દર્શિતા શાહની જીત

જામનગર ઉત્તર બેઠક પરથી ભાજપના રીવાબા જાડેજાની જીત

નરોડા બેઠક પરથી ભાજપા ડૉ.પાયલ કુકરાણીની જીત

લીંબાયત બેઠક પરથી ભાજપના સંગીતા પાટીલ આગળ

રાજકોટ ગ્રામ્ય બેઠક પરથી ભાજપના ભાનુ બાબરીયાની જીત

ગોંડલ બેઠક પરથી ગીતાબા જાડેજાની જીત

ભાવનગર પૂર્વ બેઠક પરથી ભાજપના સેજલ પંડ્યાની જીત

કચ્છની ગાંધીધામ બેઠક પર ભાજપના માલતી મહેશ્વરીની જીત

ઠક્કરબાપાનગર બેઠક પર ભાજપના કંચનબેન રાદડિયાની જીત

કુતિયાણા બેઠક પરથી ભાજપના ઢેલીબેન ઓડેદરાની હાર

વાવ બેઠક પર કોંગ્રેસના ગેનીબહેન ઠાકોરની જીત

સયાજીગંજ બેઠક પર કોંગ્રેસના અમી રાવતની હાર

માંજલપુર બેઠક પર કોંગ્રેસના ડૉ.તશ્વીન સિંહની હાર

કોંગ્રેસ તરફથી કુલ ૧૪ મહિલાઓ ચૂંટણી લડી હતી. જેમાંથી એક જ મહિલાઓનો વિજય થયો છે. જ્યારે ૧૩ મહિલા ઉમેદવારોની હાર થઈ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની એક પણ મહિલાઓનો વિજય થયો નથી. જે પૈકી હારેલી ઘણી મહિલાઓની ડિપોઝિટ પણ ડૂલ થાય એવો માહોલ સર્જાયો છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૯માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કનાસીયા કુંવરસીંહ મનજીભાઈ
તરફથી અભીનંદન....
મુ. રામપુરા દેવી-પટેલફળીયા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૯માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રામદેવ સખી મંડળ
તરફથી અભીનંદન....
મુ. ગુણા,
તા. દે.બારીઆ,
જી. દાહોદ